જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૯-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

HONDA
The Power of Dream
સાચાર કરવું અઘરું

માનસી મોટર્સ રજુ કરે છે...

અંકલેશ્વર GIDC તથા આસપાસના માનવંતા રહિશોની
ઉત્કૃષ્ટ સેવા માટે હોંડા ટુ-વ્હીલરની નવી બ્રાંચ

તા.૨૩.૧૧.૨૦૧૮ (શુક્રવાર)
(સમય : સવારે ૧૧:૦૦ કલાકે)

:: સ્થળ ::
G/25/26/27, ગણેશ આર્કેટ, ૫૦૦ કવાર્ટર્સ રોડ,
GIDC, અંકલેશ્વર.

જ્યાં હોંડા ટુ-વ્હીલરના તમામ મોડલ હાજર સ્ટોકમાં મળશે
તથા દરેક મોડલ ની સર્વિસ પણ ઉપલબ્ધ રહેશે.



માનસી મોટર્સ

અંકલેશ્વર : રાજકમલ આર્કેટ, જીઆઈડીસી સ્ટેશન રોડ, મેત્રા ઓટોમોબાઈલસની
સામે, જુનો ને.હા.નં. ૮, ફોન : (૦૨૬૪૬) ૨૨૦૬૪૫,
મો. ૯૨૨૭૨૮૫૬૦૦, ૯૨૨૭૨૮૫૬૦૧

બ્રાન્ચ : શોપ નં. ૧,૨,૩ નગરપાલિકા શોપિંગ સેન્ટર, ત્રણ રસ્તા સર્કલ, અંકલેશ્વર.
ફોન નં.: (૦૨૬૪૬) ૨૪૪૬૦૪, મો. ૭૫૭૫૮૦૦૨૯૦ , ૭૫૭૫૮૦૦૩૯૦

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે



મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉંભરાટ બીચ - નવસારી
www.modiresorts.com

સ્કુલ, ગ્રૂપ પ્રવાસ
તથા લગ્નપ્રસંગ
માટે ઉત્તમ રીસોર્ટસ

Ph.: 99250 08830
97272 56004

હવે રાંદેર રોડ પર પણ
ઘુંટણનાં દુઃખાવાથી
આજીવન મુક્તિ

જર્મનીની BRT અને અમેરિકાની લેસર સારવાર

ઓપેરેશન અને દવા વગર
ઘુંટણ તથા મણકાની સારવારનાં નિષ્ણાંત

BRT અને લેસર સારવારનાં નિષ્ણાંત ૨૦ વર્ષનો અનુભવ
આધુનિક વૈજ્ઞાનિક લેસર સારવાર જે
અમેરિકાના વૈજ્ઞાનિકોએ શોધી છે
હવે ભારતમાં સૌ પ્રથમ સ્પાઇનેક્સ ખાતે ઉપલબ્ધ

ડો. નીરજ ભણશાળી
Spinex
Let Your Spine Breathe

શ્રીમતી શારદાબેન ચોખાવાળા ફિઝિયોથેરાપી અને રીહેબીલીટેશન
સેન્ટર અંધજન શિક્ષણ મંડળ, ઘોડદોડ-રોડ, સુરત.
ઘોડદોડરોડ બ્રાંચ : ૮૦૦૦૨ ૦૦૦૬૧, ૮૦૦૦૨ ૦૦૦૬૨
અડાજણ બ્રાંચ : ૮૦૦૦૨ ૦૦૦૬૩, ૮૦૦૦૨ ૦૦૦૬૪

વર્ધમાન સ્ટીલની બાજુમાં, મેરૂલક્ષ્મી મંદિરની ગલી,
ફેન્ડસ કલાસીસની પાછળ, તાડવાડી, સુરત.

CELEBRATE X'MAS & NEW YEAR
@
RAS RESORTS
SILVASSA
The complete vacation and conference center
Only 2 Hours from Surat
Ideal Venue For Marriages & Getaways
Reservations:- Surat:9016365005
Silvassa :(0260) 2640001/2, 2640373
9016365008, 9377265000
mumbaioffice@rasresorts.com
www.rasresorts.com

હોલસેલ ભાવે છુટકમાં

- કોટન તથા પોલીસ્ટર ધોતીજોટા
- લાલ-પીળા ભગવા અબોટીયા
- લાલ ગમછા (અંગુછા)
- ધાબળા - પોલાર બ્લેન્કેટસ
- સોલાપુરી ચારસા

સીંગલબેડ તથા ડબલ બેડમાં

- પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
- મીન્ક બ્લેન્કેટસ

શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે
વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''

ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની



ગોળ તથા ચોરસમાં સીંગલબેડ,
ડબલબેડ તેમજ દરેક નાની મોટી
સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની
તૈયાર મચ્છરદાની મળશે.

''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

રાજકોટ
રાજશ્રૃંગાર
રીયલ
બાંધણી
સ્પે. પાટણ પટોળા રાજકોટી

વેડીંગ કલેકશન
NOV.-18 DEC.-18
28 બુધવાર 29 ગુરૂવાર 30 શુક્રવાર 01 શનિવાર
Time : 10:30 am to 8:30 pm

ઝુમ ગેલેરી
એચ-૨૦ પાર્લે પોઇન્ટ પેલેસ,
ધોડ દોડ રોડ, સુરત
M. : 98791 87787

MARUTI SUZUKI
કોમેટ મોટર્સ
(ઓથોરાઈઝડ ડીલર)

22 YEARS OF EXCELLENCY IN SERVICE
CELEBRATING IN ASSOCIATION WITH
34 YEARS OF EXCELLENCY IN AUTOMOBILES

COMET MOTORS
MARUTI SUZUKI AUTHORISED DEALER
MARUTI SUZUKI Way of Life!



બમરોલી રોડ, પાંડેસરા
90999 16038
• કતારગામ • ઓલપાડ • વ્યારા • સોનગઢ

સુમુલ ડેરી લાવ્યુ છે,

ડેરી
પ્રોડક્ટસ સાથે
બેકરી
પ્રોડક્ટસ



સુમુલ
સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
વધુ માહીતી માટે ફોન : 88667 76607
www.sumul.com

સુરતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું અને નવસારીમાં ગરમી વધી

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો-ઘટાડો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજથી પવન ફૂંકાવાની સાથે ઠંડીનો ચમકારો વધ્યો છે. અધિકત્તમ અને ન્યુનત્તમ તાપમાન એકથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આગામી દિવસોમાં શહેરીજનોને ફુલગુલાબી ઠંડીની સાથે શિયાળાનો અનુભવ થશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૭ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. વલસાડ હવામાન વિભગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી નોંધાયું છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. તાપમાનનો પારો એકથી બે ડિગ્રી સુધી ઘટ્યા બાદ આગામી દિવસોમાં વધુ ઠંડીનો અનુભવ થાય તેવી શક્યતા છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ દક્ષિણ ગુજરાતમાં શિયાળો જામશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

સુરતમાં વસતા રાજસ્થાની કર્મચારીઓને મતદાન કરવા ફરજીયાત રજા આપવી

સાપ્તાહિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરી શકાશે

સુરત

મધ્યપ્રદેશ રાજ્યમાં તા-૨૮/૧૧/૨૦૧૮, બુધવાર અને રાજસ્થાન રાજ્યમાં તા-૦૭/૧૨/૨૦૧૮, શુક્રવારના રોજ વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાનાર છે. જે અંગે રાજસ્થાન રાજ્યના રહેવાસી હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજયમાં રહેતા હોય તેવા રાજસ્થાન મતદારો મતદાન ના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ -૧૯૪૮ ની કલમ-૧૮ (૧)(બ)(ક) હેઠળ સુરત જીલ્લાની સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલ્વે, ટેલીફોન, તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો,વાણિજ્ય સંસ્થાઓ, હોટલો,ઔધોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો,ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ/શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા નાયબ શ્રમ આયુક્ત સુરત ધ્વારા જણાવાયું છે.

કાકરાપાર અણુ વીજ મથકના અધિકારીઓને ઓફસાઈટ ઈમરજન્સી મોકડ્રીલ અંગે તાલીમ

તાલીમી કાર્યક્રમમાં સુરત કલેક્ટરની પણ ઉપસ્થિતિ

વ્યારા

ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાલિમીટેડની ગુજરાત સાઈટ કાકરાપાર ખાતે આગામી સમયમાં યોજાનારી ઓફસાઈટ ઈમર્જન્સી મોકડ્રીલને અનુલક્ષીને સુરત-તાપી જિલ્લાના અધિકારીઓની તાલીમ સુરતના કલેકટર ડૉ. ધવલ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સુરતના કલેકટર ડૉ. ધવલ પટેલ ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આપતકાલિન પરિસ્થિતિને પહોંચી વળવાની સજજતા કેળવવાના હેતુથી આ પ્રકારની મોકડ્રિલનું આયોજન કરવામાં આવતું હોય છે. અણુવિદ્યુત મથક દ્વારા આગામી સમયમાં યોજાનારી ઓફસાઈટ ઈમર્જન્સીની મોકડ્રિલમાં તંત્ર સજાગપણે સહયોગ આપે એવી તેમણે અપેક્ષા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત તેમણે ઓફસાઈટ ઈમ્જન્સી દરમિયાન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવનારી કામગીરી અંગે વિગતે જાણકારી આપી હતી.

કાકરાપાર ન્યક્લિયર પાવર પ્લાન્ટના એમ. એમ. પંડ્યાએ પાવર પ્લાન્ટની સંરચના, પાવર પ્લાન્ટની કામગીરી, પાવર પ્લાન્ટમાં સલામતિ માટે લેવામાં આવેલી તકેદારીઓ અંગે વિગતે જાણકારી આપી હતી. સાયન્ટિફિક ઓફિસર જે.બી.સોનીએ ઓફસાઈટ ઈમર્જન્સી માટે કેવા પ્રકારની તૈયારીઓ કરવી જોઈએ એ અંગે વિગતે સમજણ આપી હતી. તેમણે ઓફસાઈટ ઈમર્જન્સી પ્લાનની વિગતે છણાવટ કરી જિલ્લા પ્રશાસનની ભૂમિકા અંગે પણ વિગતવાર સમજ આપી હતી. આ ઉપરાંત તેમણે કાકરાપાર અણુવિદ્યુત મથક દ્વારા અગાઉ કરવામાં આવેલી ઓફસાઈટ ઈમરજન્સી મોકડ્રિલની પણ વિગતો રજૂ કરી હતી.

બી.એ.આર.સીના એન્વાયરનમેન્ટ સર્વે લેબોરેટરીના ચીફ ડૉ. એ.કે પાત્રાએ એન્વાયરનમેન્ટ સર્વે લેબોરેટરી દ્વારા ઓફસાઈટ ઈમર્જન્સી દરમિયાન કરવામાં આવતી કામગીરી અંગે વિગતવાર વર્ણન કર્યું હતું.

કાકરાપાર અણુવિદ્યુત મથકના સાઈટ ડાયરેકટર એ.પી.હંસોરાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, કાકરાપાર અણુવિદ્યુત મથક આંતરરાષ્ટ્રીય એજન્સી દ્વારા નકકી કરવામાં આવેલા ધારાધોરણ પ્રમાણે ચાલે છે. અણુવિદ્યુત મથક કાકરાપાર દ્વારા દર ત્રણ મહિને પ્લાન્ટ ઈમર્જન્સી એકસરસાઈઝ, દર વર્ષે સાઈટ ઈમર્જન્સી એકસરસાઈઝ અને દર બે વર્ષે ઓફસાઈટ ઈમર્જન્સી એકસરસાઈઝ કરવામાં આવે છે એમ જણાવી તેમણે અત્યાર સુધીમાં ૧૨ વખત ઓફસાઈટ ઈમર્જન્સી મોકડ્રિલ અણુવિદ્યુત મથક દ્વારા કરવામાં આવી છે એમ જણાવ્યું હતું.

તાલીમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓને પ્લાન્ટની મુલાકાત પણ અણુવિદ્યુત મથકના તંત્ર દ્વારા કરાવવામાં આવી હતી.

કાર્ગક્રમનું સંચાલન અને આભારવિધિ અણુવિદ્યુત મથકના આર.કે.સરોગી દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમમાં સુરતના જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.પારેખ, તાપી જિલ્લાના અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયા, સુરત-તાપી જિલ્લાના અન્ય સંબંધિત અધિકારીઓ, અણુવિદ્યુત મથકના અધિકારી/કર્મચારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજદ્વાર કેસમાં અલ્પેશ કથીરિયાની જામીન અરજી અંગે ૩૦મીએ સુનાવણી

અલ્પેશ કથીરિયા હાલમાં સાબરમતી જેલમાં છે

સુરત

રાજદ્રોહના ગુનાના આરોપી અલ્પેશ કથીરિયાની જામીન અરજીની સુનાવણી આજે ધરાઈ હતી. જોકે, આજથી બે-ત્રણ દિવસ પહેલાં આરોપીના એડવોકેટ યશવંતસિંહવાળાએ તેની જામીન અરજી રજૂ કરી હતી. હાલમાં તે સાબરમતી સેન્ટ્રલ જેલમાં હોવાનું જાણવા મળ્યું હતું. વધુ સુનાવણી ૩૦મી નવેમ્બરના રોજ હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે અમરોલી પોલીસ મથકમાં હાર્દિક પટેલ, ચિરાગ તથા વિપુલ દેસાઈ સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરવામાં આવ્યોહતો. આ ગુનામાં ત્રણેય આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી. ડીસીબી દ્વારા ત્રણેય આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ કરાઈ હતી અને તેમાં અલ્પેશ કથીરિયાની ધરપકડ કરવામાં બાકી હોવાનું જણાવાયું હતું. સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટ દ્વારા અલ્પેશ કથીરિયાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અલ્પેશ કથીરિયા હાલમાં સાબરમતી સેન્ટ્રલમાં જાણવા મળ્યું હતું. ગત બે દિવસ પહેલા તેના એડવોકેટ દ્વારા જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. જેની સુનાવણી આજે હાથ ધરાઈ હતી.

અબ્રામા ખાતે તા.૩૦'મીએ શ્રીશ્રી રવિશંકર દ્વારા અષ્ટલક્ષ્મી યજ્ઞ

સુરત

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરની અધ્યક્ષતામાં આગામી ૩૦ નવેમ્બરથી ૩જી ડિસેમ્બર સુધી શહેરમાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ૩૦મી નવેમ્બરના રોજ સુરતની સુખ સમૃદ્ધિમાં વધારો થાય તેવા આશયથી અબ્રામા ખાતે અષ્ટલક્ષ્મી હોમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ યુવાઓ સાથે વાર્તાલાપ કરીને તણાવ મુક્તિ સહિતના કાર્યક્રમનું આયોજન ભગવાન મહાવીર એજયુકેશનના ગ્રાઉન્ડ ખાતે ૩જી ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા ઋષિ વિદ્યાધરજીએ જણાવ્યું હતું કે સાત વર્ષ બાદ શ્રી શ્રી રવિશંકરજી સુરત ખાતે આવી રહ્યા છે. તેમાં ૩૦મી નવેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગોપીન ગામ, અબ્રામા રોડ ખાતે અષ્ટલક્ષ્મી હોમનું આયોજન કરાયું છે. અષ્ટલક્ષ્મી હોમ દેવી લક્ષ્મીજીનાં આશીર્વાદ મેળવવાની સામૂહિક પ્રાર્થના છે. જે સુખ, સંપત્તિ અને સારા ભવિષ્ય માટે કરવામાં આવે છે. તેના થકી અષ્ટ પ્રકારની લક્ષ્મીની પ્રાપ્તિ થાય ચે. તેના માટે મફત પ્રવેશ રાખવામાં આવ્યો છે. ૩ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન મહાવીર એજયુકેશનનું ગ્રાઉન્ડ, વેસુ રોડ ખાતે યુવા રંગના નેજા હેઠળ યુવા સંમેલનનું આયોજન કરાયું છે. તેમાં યુવાનોમાં રહેલી અસલામતીની લાગણી દુર કરવા, તેઓમાં આત્મવિશ્વાસ વધારવા, તણાવમુક્તિ અંગે યુવાનો સાથે વાર્તાલાપ કરીને તેઓની સમસ્યા દૂર કરવાના પ્રયાસ કરવામાં આવશે. આ કાર્યક્રમ વિશ્વના ૧૫૫ દેશમાં લાઈવ પણ કરવામાં આવનાર છે.

સિંચાઈ માટે પાણી મેળવવા ખેડૂત સમાજ દ્વારા રેલીનું આયોજન કરાયું

જહાંગીરપુરામાં ખેડૂતોનો સ્નેહમિલન સમારંભ યોજાયો

સુરત

દિવાળી પછી ખેડૂતોનું સ્નેહ સંમેલન જહાંગીરપુરા જીન ખાતે મળ્યું હતું. તેમાં જિલ્લા પંચાયત સભ્ય દર્શન નાયક અને જયેશ દેલાડ દ્વારા આવતી તા.૨૦મીના રોજ મહારેલીની કાઢવાની ઘોષણા કરવામાં આવી હતી. હાલમાં જયારે ૨૭૦૦ એમસીએમ પાણી ડેમમાં છે, ત્યારે ખેડૂતોને ૮૦ દિવસને બદલે ૧૦૨ દિવસ પાણી આપવા માટે ધારદાર વાત દર્શન નાયક દ્વારા કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, ખેડૂતો આ મામલે આરપારની લડાઈ લડશે. હાલમાં જયારે સફેદ માખીનો ઉપદ્રવ છે ત્યારે પાણી નહી મળે તો ખેડૂતોની હાલત વધારે કફોડી થઈ જશે. દરમિયાન દર્શન નાયક અને જયેશ દેલાડ દ્વારા તમામ ખેડૂતોને તા.૨૦મી ડિસેમ્બરે ભેગા થવા માટે હાકલ કરવામાં આવી હતી. દર્શન નાયકે તેમના તીખા અંદાજમાં જણાવ્યું હતું કે, વીસ હજાર ખેડૂતો દ્વારા ઓજારો માંગવામાં આવ્યા છે તે દરખાસ્ત સરકારે નામંજૂર કરી દીધી છે. આ ઉપરાંત નવ તાલુકામાં કુલ પાંત્રીસ હજાર ખેડૂતો હજુ વીજ કનેકશન માટે આંટાફેરા કાપી રહયા છે. આમ મોટી વાત કરી રહેલા રાજય સરકાર અને કેન્દ્ર સરકારની પોલ દર્શન નાયકે ખુલ્લી કરી હતી. આ ઉપરાંત જયેશ પટેલ (પાલ કોટન મંડળી) દ્વારા ખેડૂતોનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું.

ડીમોલીશનનો વિરોધ કરનાર કોર્પોરેટર દિનેશ કાછડીયાની પોલીસ અટકાયત

દિનેશ કાછડીયા સહિત ૧૫ લોકોને અટકાયત માટે ઈચ્છાપોર લઈ જવાયા

સુરત

સવારે લાલદરવાજા પટેલ નગર ખાતે પાલિકા દ્વારા ડીમોલીશન શરૂ કરવામાં આવતા કોંગ્રેસી કોર્પોરેટર દિનેશ કાછડીયાની આગેવાની સાથે અસરગ્રસ્તો દ્વારા ધરણા યોજી વિરોધ કરાયો હતો. પોલીસ દ્વારા કાછડીયા સહિત ૧૫ લોકોની અટકાયત કરાઈ.

કોર્પોરેટર દિનેશ કાછડીયાના જણાવ્યા અનુસાર અસરગ્રસ્તોએ માતા ત્રણ મહિનાનો સમય માંગ્યો હતો. અસરગ્રસ્તોને જે સ્થળે વૈકલ્પિક આવાસો અપાયા છે તે હજી પૂર્ણ પણે બન્યા નથી. હાલ દિવાળીના તહેવારમાં ખર્ચ થયો હોવાથી અસરગ્રસ્તો પાસે નવા સ્થળે જવા પ્રાથમિક ખર્ચના રૂપિયાનો અભાવ છે. આગામી ત્રણ મહિના દરમ્યાન બાળખોની પરીક્ષા છે. તેથી વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા બાદ ડીમોલીશન થાય તેવી યોગ્ય રજૂઆત કરવામાં આવતા પોલીસે અટકાયત કરી છે. મારી સાથે કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક અસરગ્રસ્તોને મહિધરપુરા પોલીસ મથકે લાવી તયાંથી હવે હજીરા પોલીસ મથકે લઈ જવાઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. આ દરમિયાન ડીમોલીશનની કામગીરીમાં સ્વૈચ્છીક ડીમોલીશનની ખાતરી આપનાર ૨૪ જેટલા પરિવારોના કાચા પાકા મકાનો તોડી પાડવાની કામગીરી પોલીસ બંદોબસ્ત હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.



લાલદરવાજા પટેલ વાડીના ૭૦૦ ઝુંપડાઓના ડીમોલીશનનો વિરોધ કરતા સ્થાનિક લોકો સાથે કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયા તસ્વીરમાં નજરે પડે છે. વિરોધ પ્રદર્શન બાદ પોલીસે ૧૫ લોકોની અટક કરી હોવાનું જાણવા મળે છે.

લાલ દરવાજા પટેલ નગરની જગા ખુલ્લી કરવા ૭૦૦ ઝૂંપડા તોડી પાડવા મેગા ડિમોલીશન શરૂ

પ્રથમ તબક્કામાં સ્વૈચ્છિક રીતે ડિમોલીશન કરવાની સંમતિ આપનાર પરિવારોના ૨૪ જેટલા કાચા-પાકા મકાનો તોડી પડાયા

સુરત

મનપા દ્વારા આજે સવારથી લાલ દરવાજા પટેલ નગર ખાતે આશરે ૭૦૦ જેટલા ઝૂંપડાઓનું મેગા ડિમોલીશન અભિયાન હાથ ધર્યું હતું. શરૂઆતમાં ૨૪ જેટલા સ્વૈચ્છિક ઝૂંપડાઓ તોડી પડાયા બાદ સ્થાનિક કોંગ્રેસી કોર્પોરેટર દિનેશ કાછડિયા સાથે અસગ્રસ્તોએ પૂર્ણ થાય તે માટે ૩ મહિના સુધી ડિમોલીશન અટકાવવાની માગ સાથે ધરણા કર્યા હતા. પોલીસે દિનેશ કાછડિયા સહિત ૧૫ લકોની અટકાયત કરી હતી.

આજે મનપાના દબાણ વિભાગ દ્વારા સાધન સામગ્રી સાથે વહેલી સવારથી લાલ દરવાજા પટેલનગર ઝડપાય છે. ખાતે ધામા નાખ્યા હતા.અગાઉ બે વખત પટેલ નગર ઝૂંપડપટ્ટીનું ડિમોલીશન મોખૂફ રાખવામાં આવ્યું હતું. પ્રથમ વખત સામે ચોમાસુ હોવાનું અને બીજી વખતે સામે દિવાળીનો પહેવાર હોવાનું જણાવી ડિમોલીશન અટકાવી દેવાયું હતું. આજે પાલિકાની ટીમ ડિમોલીશન માટે આવી ત્યારે ૭૦૦ પૈકી ૨૬ જેટલા ઝૂંપડાવાસીઓએ સ્વૈચ્છિક ડિમોલીશન કર્યું હતું.અસરગ્રસ્તો દ્વારા સ્થાનિક કોંગરેસી કોર્પોરેટર દિનેશ કાછડિયા સાથેધ રણા શરૂ કરી ડિમોલીશન અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. આગામી ૩ મહિના બાદ બાળકોની વાર્ષિક પરીક્ષા છે અને જે સ્થળે વૈકલ્પિક આવાસ આપ્યા છે તે મકાનો હજી બન્યા નથી તે ઉપરાંત ડિમોલીશન બાદ આ પ્લોટ પર પાલિકાનો કોઈ મહત્વનો પ્રોજેક્ટ ન હોવાથી રજૂઆત કરાઈ હતી કે ૩ મહિના બાદ ડિમોલીશન થાય પાલિકાએ પોલીસની મદદથી વિરોધ કરનારાઓની અટકાયત કરવામાં આવી હતી.

એસ્ટન માર્ટિન મુંબઈ વીટ વાંટેજ ટૂરનો સુરતમાં રોડ શો

સુરત

ભારતમાં એસ્ટન માર્ટિન વાંટેજ રોડ શોનું આયોજન કરવા માટે ટોટલે એસ્ટન માર્ટિન મુંબઈ સાથે સહયોગિતા કરી છે. એસ્ટન માર્ટિન વીટ વાંટેજનું પ્રદર્શન કરનારો આ રોડ શો પ્રીમિયમ ટોટલ ક્વાર્ટઝ એન્જિન ઓઈલ રેંજના સહયોગથી બ્રાંડના નવીનતમ મોડલને પ્રદર્શિત કરવા માટે ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૧૮ દરમિયાન ભારતના ૮ શહેરોમાં રોડ શોનું આયોજન કરશે.

સુરતમાં રોડ શો તારીખ ૨૮ અને ૨૯ નવેમ્બરના રોજ વેન્યૂ સીબી પટેલ ક્લબ ખાતે યોજાશે. ટોટલ અને એસ્ટન માર્ટિન સમાન મૂલ્યોને વહેંચે છે, એટલે કે બન્ને નવીનતા, વિશેષજ્ઞતા અને ગ્રાહક સેવા પર ધ્યાન આપે છે. અમારી ભાગીદારીએ એસ્ટન માર્ટિન રેસિંગને ૨૦૧૭માં ૨૪ કલાકના લે મેન્સમાં પ્રતિષ્ઠિત જીતની સાથે અન્ય ઘણા સમ્માન પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવ્યા છે. ટોટલ ક્વાર્ટઝ એન્જિન ઓઈલે એસ્ટન માર્ટિન રેસિંગની સફળતામાં, પ્રદર્શનમાં અને વિશ્વસનીયતામાં સુધારો કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

એસ્ટન માર્ટિન અને ટોટલે ૮ શહેરો (અમદાવાદ, બેંગલુરૂ, હૈદરાબાદ, ચેન્નાઇ, ઈંદોર, જયપુર, કોચી, સૂરત)માં સુપર લક્ઝરી લાઉંજ ટૂર, વીટ વાંટેજ રોડ શોનું આયોજન કરવા માટે ભાગીદારી કરી છે.

જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૯-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સાર્ક સંમેલનમાં ભાગ લેવાનુ પાકનુ આમંત્રણ ભારતે ફગાવ્યું,મોદી પાક.નહિ જાય

કરતારપુર કોરિડોર ખોલવાથી ભારત-પાક વચ્ચે વાતચીત શરુ નહિ થાય : સુષ્મા

ન્યુ દિલ્હી/ભોપાલ

ભોપાલઃ ભારતે પડોસી પાકિસ્તાનને ફરી એક વાર સ્પષ્ટ કરી દીધું છે કે આતંકવાદ અને વાતચીત સાથેસાથે ન ચાલી શકે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પડોસી દેશના સાર્ક સંમેલનમાં ભારતને આમંત્રણ આપવાના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે આતંક ન અટકે ત્યાં સુધી કોઈ વાતચીત ન થઈ શકે. વિદેશ મંત્રીએ સ્પષ્ટ કરી દીધું કે પીએમ મોદી સાર્ક સંમેલનમાં ભાગ પાકિસ્તાન નહીં જાય. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સાર્ક સંમેલન માટે ભારતને નિમંત્રણ પાઠવ્યાની વાત કહી હતી. જ્યારથી પાકિસ્તાનની પાસે સાર્ક અધ્યક્ષનું પદ ગયું છે, આ સંગઠનની કોઈ બેઠક થઈ શકી જ નથી.

સુષ્મા એ બુધવારના રોજ

અનુ. પાના નં. ૪ ઉપર











વલસાડ અને ડાંગ વિસ્તારનાં બાળકોને બાળદિન નિમિત્તે અમુલ્ય ઉપહાર - શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ ની નિયોનેટલ એમ્બ્યુલન્સ



શ્રીમદ્ રાજચંદ્રજીનાં જન્મજયંતી દિને પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈનાં પાવન હસ્તે લોકાપર્ણ

બાળદિનની સમગ્ર રાષ્ટ્રમાં ઉજવણીઓ થઈ રહી છે. ત્યારે વલસાડ અને ડાંગ જિલ્લામાં બાળકોને એક અનોખી ભેટ આપવામાં આવી. શ્રીમદ્ રાજચંદ્રજીનાં જન્જયંતિ દિન તા:-૯મી નવેમ્બરે,પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈનાં પાવન હસ્તે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ ની નિયોનેટલ એમ્બ્યુલન્સનું લોકાપર્ણ કરવામાં આવ્યું. આ વાન વિશ્વ કક્ષાનાં અદ્યતન સાધનોથી સુસજ્જ છે. જેમકે મોબાઇલ વેન્ટીલેટર, મલ્ટીપેરામીટર મોનીટર,સીરીંજ પંપ,વાર્મર અને જીવન બચાવની દવાઓ વગેરે. દરેક પરિવહન વખતે નિષ્ણાંત ડોકટર અને નર્સની ટીમ પણ શિશુની દેખરેખ રાખવા હાજર રહેશે. સમસ્ત ડાંગ અને વલસાડ જિલ્લામાં આ પ્રકારની આ પ્રથમ એમ્બ્યુલન્સ છે. શિશુ સારવારમાં આ એક અત્યંત મહત્વની સુવિધા બની રહેશે કારણ પર્યાપ્ત તાપમાન અને શ્વાસ નિયંત્રણનાં અભાવે નવજાત શિશુઓ પરિવહન દરમ્યાન જ મૃત્યુ પામવાની શક્યતા હોય છે, જે હવે આ ખાસ એમ્બ્યુલન્સમાં સલામત રીતે હોસ્પિટલ પર પહોંચશે અને તેઓનું જાવન બચાવી શકાશે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનાં યોગબળ અને પુજ્ય ગુરૂદેવની પ્રેરમા અને માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ છેલ્લા ૧૪ વર્ષથી આરોગ્યનાં ક્ષેત્રે અનન્ય યોગદાન આપી રહી છે. આ વિસ્તારમાં શિશુમૃત્યુ અને માંદગીનું પ્રમાણ ઘણું ગંભીર છે. સુવાવડ માટે આવતી ઘણી સ્ત્રીઓનાં ઓછાં વજન,નાની ઉંમર અને કુપોષણનાં કારણે શિશુજન્મ પહેલા થવો, શારીરિક અને માનસિક અપર્યાપ્તતા થવી વગેરે જટિલ સમસ્યાઓ થાય છે. તેમને ખાસ વિશેષ પ્રકારની સંભાળની જરૂર છે. આ સર્વ પરિબળોને ધ્યાનમાં લેતા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ શિશુ સારવારનાં દરેક પાંસાને સમગ્રપણે વર્ષો સુધી તેઓને ઉચ્ચ ગુણવત્તાભરી તબીબી સારવાર ઉપલબ્ધ થઈ રહી છે.

આ કાર્યક્રમમાં શ્રીમદ્ રાજચંદ્ર સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ હેઠળ પ્રસુતા સ્ત્રીઓની સ્વાસ્થ્ય સંભાળ લેવામાં આવે છે. આ વિસ્તાર માટે વરદાનરૂપ એવી અદ્યતાન તબીબી સાધનોથી સજજ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ ૧૦,૦૦૦ થી વધુ સલામત પ્રસુતિઓ કરવામાં આવી છે.નવજાત શિશુઓની સારવાર માટે હોસ્પિટલનું શ્રીમદ્ રાજચંદ્ર નિઓનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ ,વલસાડ જિલ્લામાં અદ્યતન છે. જેમાં દર વર્ષે લગભગ ૭૦૦ શિશુઓની સારવાર થાય છે. આ યુનિટ શરૂ કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારમાં શિશુમૃત્યુનો દર ૫૦ હતો. અહિંનાં નિષ્ઠાપુર્ણ વિશેષજ્ઞ ડોકટરો ખુબ જ સફળતાપુર્વક સારવાર કરી શિશુમૃત્યુનાં દરને નીચે લાવવામાં સફળ થયા છે. આ માટે ડો. જયંતી રાવી – હેલ્થ કમિશ્નર ગાંધીનગર કહે છે કે ગુજરાતમાં શિશુમૃત્યુનો દર ૩૦ છે, જે સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ છે. આ સિદ્ધિમાં મહત્વપુર્ણ યોગદાન આપનાર શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલને હું બિરદાવું છું.

વધી આ બાળકોનાં શૈક્ષણિક વિકાસ અર્થે પ્રાથમિક શાળા શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર,ઉચ્ચ માધ્યમિક સ્તરની શાકા શ્રીમદ્ રાજચંદ્ર ગુરૂકુલ,બી.એસસી અને એમ.એસસી નો અભ્યાસક્રમ ધરાવતી સામાન્ય કોલેજ શ્રીમદ્ વિદ્યાપીઠ,શ્રીમદ્ રાંજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય,શ્રીમદ્ રાજચંદ્ર મધ્યાહ્ન ભોજન યોજના અને શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેવા વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમો કાર્યરત છે, જે ખુબ સફળતાપુર્વક આ બાળકોને શિક્ષણ પ્રદાન કરી તે દ્વારા ભવિષ્યનાં જવાબદાર નાગરિકો તૈયાર કરી રહ્યા છે.

તો ચાલો , કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય એવા બાળ કોનાં તંદુરસ્ત સ્વાસ્થ્ય અને ઉજવળ ભવિષ્યમાં મહત્વનો ભાગ ભજવતી સંસ્થાઓ અને અભિયાનોને બિરદાવી આપણે અનોખો બાળદિન ઉજવીએ.

સફાઈ કામદારની ભરતી પ્રક્રિયામાં કેટલાક લેભાગુ તત્ત્વો રૂપિયા ઉઘરાવવા લાગ્યા

સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા ચોથા વર્ગની બેલદાર, બેલદાર (વીબીડીસી), સફાઈ કામદાર (ડ્રેનેજ) તથા સફાઈ કામદારોની જગ્યાઓ માટે પ્રેક્ટીકલ ટેસ્ટ લેવામાં આવી રહી છે. આ પ્રેક્ટીકલ પરીક્ષા માટે ઉચ્ચ અધિકારીઓના નિયંત્રણ હેઠળ ઝોનવાઈઝ કમિટિ બનાવવામાં આવેલ છે અને તેઓ દ્વારા નિયત કરેલ માપદંડને આધારે જ માર્કિંગ કરી મેરીટ લીસ્ટ બનાવવામાં આવનાર છે. આમ, પસંદગીની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે કરવામાં આવશે. તેમ છતાં કેટલાક વ્યક્તિ તથા લેભાગુ તત્ત્વો દ્વારા ઉપરોક્ત જગ્યા માટે નોકરી અપાવવાની લાલચમાં નાણાં ઉઘરાવવામાં આવતા હોવાની ફરિયાદ મળેલ છે. આથી, આ પ્રકારના વ્યક્તિ તથા લેભાગુ તત્ત્વો સાથે નોકરીની લાલચમાં નાણાંકીય વ્યવહાર ન કરવા અને સાવચેત રહેવા ઉમેદવારોને અપીલ કરવામાં આવે છે. જો કોઈ ઉમેદવાર દ્વારા નોકરી મેળવવા માટે નાણાંકીય વ્યવહાર કરવામાં આવશે તો તે અંગે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં. જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

અમેરિકાથી વડોદરા આવેલા પૂર્વ ક્રિકેટર ગૂમ થતા પરિવારે નોંધાવી ફરિયાદ

વડોદરા

અમેરિકાથી વડોદરા આવેલા વડોદરા ક્રિકેટ એસોસિએશનનાં પૂર્વ ક્રિકેટર અને એનઆરઆઈ મિત્તલ સરૈયા ગૂમ થયા છે. મિત્તલ સરૈયા મંગળવારે બપોરે કારેલીબાગમાં આવેલી એક ખાનગી બેંક પાસેથી ગૂમ થયા છે. તેઓ અમેરિકાથી કાકાનાં ખબર કાઢવા વડોદરા આવ્યા હતા. તેમના ગૂમ થયાની જાણ થતા જ પરિવારજનો કારેલીબાગ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. વડોદરાથી અમેરિકામાં સ્થાયી થયેલા ૫૧ વર્ષિય મિત્તલ સરૈયા એક સમયે વડોદરા વતીથી ક્રિકેટ રમતા હતા. તેઓ એક સમયે બરોડા ક્રિકેટ એસોસિએશનનાં સંભવિત ક્રિકેટર હતા.

લગભગ એક દાયકા બાદ અમેરિકાથી તેઓ હૉસ્પિટલમાં દાખલ કાકાનાં ખબર પુછવા વડોદરા આવ્યા હતા. મંગળવારે બપોરે તેઓ આર્મપાલી કૉમ્પલેક્સ સ્થિત ખાનગી બેકમાં કામથી ગયા હતા. બેંકમાં પાસપોર્ટની નકલ માંગ્યા બાદ તેઓ ઘર તરફ આવવા નીકળ્યા હતા, પરંતુ ઘરે પહોંચ્યા નહોતા. ઘણા કલાકો વિત્યા બાદ પણ જ્યારે તેઓ ઘરે પહોંચ્યા નહીં ત્યારે પરિવાર ચિંતિત થયો હતો અને કારેલીબાગ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.બેંકનાં સીસીટીવીમાં મિત્તલ સવૈયા જોવા મળ્યા હતા. તેઓ શનિવારનાં રોજ અમેરિકા જવાના હતા. પોલીસ અત્યારે સીસીટીવી ફૂટેજનાં આધારે તેમની શોધખોળ કરી રહી છે.

વિનય શાહે કમ્પ્યૂટરમાંથી ડિલીટ કરેલી ફાઈલો એફએસએલ રિકવર કરશે

અમદાવાદ

બહુ ચકચારી બનેલા ૨૬૦ કરોડ રૂપિયાના કૌભાંડનો માસ્ટરમાઈન્ડ વિનય શાહ નેપાળથી ઝડપાયો છે ત્યારે તેની ધરપકડના સમાચાર મળતાંની સાથે જ ભોગ બનનાર લોકોની ભીડ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ કરવા માટે ઊમટી પડી છે તો બીજી તરફ વિનય શાહની ઓફિસ તેમજ ઘરેથી કબજે કરેલા કમ્પ્યૂટરને સીઆઈડીની ટીમે ગાંધીનગર એફએસએલ ખાતે મોકલી આપ્યા છે. વિજય શાહ ફરાર થયો ત્યારે તેણે કમ્પ્યૂટરમાંથી કેટલાક મહત્ત્વના ડેટા ડિલીટ કર્યા હતા. કમ્પ્યુટરમાંથી મહત્ત્વના ડેટા રીકવર કરવા માટે સીઆઈડી ક્રાઈમે એફએસએલની મદદ લીધી છે.

નેપાળના પોખરાથી વિનય શાહ અને તેની મિત્ર ચંદાની નેપાળ પોલીસે વિદેશી ચલણી નોટ સાથે ધરપકડ કરી છે. રંગીન મિજાજના વિનય શાહની ધરપકડ બાદ પોલીસ રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ તેની કસ્ટડી લેવામાં પોલીસને આંખે પાણી આવી જાય તેવું લાગી રહ્યું છે. પાલડીના યુનિયન ફ્લેટમાં રહેતા વિનય શાહ અને ભાર્ગવી શાહે આર્યર કેર ડીજી એલએલપી કંપની ખોલી હતી. તેઓ કંપનીની આડમાં પાંચ હજારથી લઈને ૨૫ હજાર રૂપિયા સુધીની રકમ ડીપોઝીટ પેટે લેતા હતા. તેઓ ગ્રાહકોને ઓનલાઈન વેબસાઈટ પર જાહેરાતો જોવાનું કહીને તેના બદલામાં ૧૮ ટકા વળતર દર મહિને આપવાનું કહેતા હતા. આ પ્રકારે ઠગ દંપતીએ એક લાખ ગ્રાહકો બનાવીને ૨૬૦ કરોડ રૂપિયા ખંખેરી લીધા હતા.

આ ઘટનામાં વિનય શાહ તેની પત્ની અને એજન્ટો વિરુદ્ધમાં એક પછી એક પોલીસ ફરિયાદ થવા લાગી હતી, જેથી આ સમગ્ર કૌભાંડની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવા માટે રાજ્યના પોલીસવડાએ આદેશ આપ્યા હતા. વિનય શાહની કથિત સ્યુસાઈડ નોટ બાદ તેના પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્રસિંહ રાજપૂત અને સ્વપ્નિલ રાજપૂત સાથે થયેલી કથિત ઓડીયો ક્લીપે લોકોમાં ચર્ચા જગાવી હતી. આ કૌભાંડમાં ક્રાઈમ બ્રાંચના વડા જે.કે.ભટ્ટ મીડિયાના કેટલાક રિપોર્ટર સહિત રાજનેતાએ લાખો રૂપિયાનો તોડ કર્યો હોવાના આક્ષેપો પણ ઊઠ્યા હતા.

ભુજ ખાતે ક્લસ્ટર લેવલ રોજગાર એપ્રેન્ટીસ ભરતી મેળો તેમજ સ્વરોજગાર પ્રેરણા શિબિર યોજાઈ



ભુજ : જિલ્લા રોજગાર કચેરી, ભુજ અને યુનિવર્સીટી રોજગાર કેન્દ્ર ભુજ દ્વારા ગઈકાલ તા. ૨૭-૧૧-૨૦૧૮ ના રોજ આર.આર.લાલન કોલેજ, ભુજ ખાતે ક્લસ્ટ લેવલનો રોજગાર ભરતીમેળો, એપ્રેન્ટીસ ભરતીમેળો તથા સ્વરોજગાર પ્રેરણા શિબિરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કુલપતિ સી.બી. જાડેજા, કચ્છ યુનિ.,અતિથી વિશેષ તરીકે જે.ડી જેઠવા સાહેબ, ના.નિયામક (રોજગાર), મહાનુભાવ તરીકે જયકુમાર શાહ,નાયબ કમિશનર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, એમ.કે. પાલા જિલ્લા રોજગાર અધિકારી, ભુજ-કચ્છ, ડી.એ. પરમાર પરમાર, નાયબ વડા, યુ.ઈ.બી., ભુજ-કચ્છ, તથા આઈ.ટી.આઈ., ભુજનો સ્ટાફ અને ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ ઉપસ્થિત રહયા હતા. વિવિધ નોકરીદાતાઓ દ્વારા ઉપસ્થિત બેરોજગાર ઉમેદવારોના સ્થળ પર જ ઈન્ટરવ્યું લેવામાં આવ્યા હતા.

આ ભરતીમેળામાં ૯૦ નોકરીદાતાઓ તેમજ મોટી સંખ્યામાં ઉમેદવારો હાજર રહયા હતા. કુશળતા તાલીમ (સ્કીલ ટ્રેઈનીંગ) આપનાર દેના ગુજરાત ગ્રામિણ બેંક, ભુજોડી, આઈ.સી.એ., PMKK સેન્ટર મીરઝાપર, ટાટા પાવર ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ, વગેરે ટ્રેઈનીંગ એજન્સીઓ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા રોજગાર અધિકારી શ્રી એમ.કે. પાલા દ્વારા કરવામાં આવેલ. તેમાં તેમણે જણાવેલ કે આ ભરતી મેળામાં ઉમેદવારોને સ્થળપર ઈન્ટરવ્યું લેવામાં આવશે,એપ્રેન્ટીસ ઈચ્છુકો માટે એપ્રેન્ટીસ રજીસ્ટ્રેશન તથા સ્વરોજગાર ઈચ્છુક ઉમેદવારો માટે સહયોગી અન્ય કચેરીઓ/એજન્સીઓ જેમકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, PMKK તેમજ દેના ગ્રામિણ બેંકનીકામગીરી સહ જરૂરી સહયોગ અને સહકાર બાબતે જણાવી ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કચ્છ યુનિવર્સીટીના માન. કુલપતિ સી.બી. જાડેજા સાહેબે ઉમેદવારોને ભરતીમેળામાં સારી રીતે ઈન્ટરવ્યું આપીને સફળતા પૂર્વક નોકરી મેળવવા જણાવેલ. જોબસીકર તરીકે નહિ પરંતુ જોબ ક્રિએટર બનવા માટે ઉમેદવારોને જણાવેલ હતું. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના શ્રી જયકુમાર શાહએ સરકારની વિવિધ સ્વરોજગાર યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

એપ્રેન્ટીસ એડવાઈઝર જે.સી. બારોટ દ્વારા એપ્રેન્ટીસમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારો અને નોકરીદાતાના રજીસ્ટ્રેશન અંગેની માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ દિનેશ પરમાર, નાયબ વડા,યુ.ઈ.બી., ભુજ દ્વારા કરવામાં આવેલ.આ ભરતીમેળામાં રોજગાર કચેરીના કોઉન્સલર રામજી બરારીયા દ્વારા એન્કરીંગ કરવામાં આવેલ. માહિતી ખાતાની કચેરી દ્વારા ઉપસ્થિત ઉમેદવારોને ઉપયોગી સાહિત્યનું વિતરણ કરાયું હતું.

કતારગામ લેક ગાર્ડનમાં વોકર ગ્રુપ દ્વારા વર્ષના ૩૬૫ દિવસ યોગ શિબિર

સુરત

સુરત મહા નગરપાલિકા સંચાલિત કતારગામ કાસાનગર લેક ગાર્ડનમાં પતંજલી યોગ પીઠ હરિદ્વાર સંચાલિત પતંજલી યોગ સમિતિ સુરત કતારગામ ઝોન તથા લેક ગાર્ડન મોર્નિંગ વોકર ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ગત તા.૨૧ જૂન ગુરૂવારે સવારે ૫.૩૦ થી ૭.૩૦ વાગ્યા સુધી મહાયોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તેના ટૂંકા હેવાલ સુમુલ ડેરી રોડના સામાજિક કાર્યકર મહેશ આઈ. ડોક્ટર જણાવે છે કે કતારગામ કાસાનગર લેક ગાર્ડનમાં છેલ્લા કેટલાક વખતથી પતંજલી યોગ સમિતિ કતારગામ ઝોન સુરત તરફથી મફત યોગ તાલીમ ૩૬૫ દિવસ આપવામાં આવે છે. તેનો રોજિંદો સમય ઉપરોક્ત પ્રમાણે છે. તેમાં હાલમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ભાગ લઈ રહ્યા છે. યોગ વિશે પ્રકાશ પાડુ તો યોગ એટલે જીવન જીવવાની કલા, એક એવી કલા જે શરીરને મન સાથે જોડે છે. ફક્ત યોગ બધા જ પ્રકારના બંધનોથી મુક્તિનો માર્ગ બતાવે છે. જેને યોગ ફાવી ગયો એ જીંદગી જીતી ગયો.

હાલમાં પતંજલી દ્વારા યોગ ચાલે છે. તેમાં ખૂબ જ સક્રિય સભ્યોના થોડા નામ આપુ તો ટીચર વિભાગ પ્રકાશ વસ્તરપરા, રાકેશ પટેલ, હિનાબેન શાહ તથા તેમના સહાયક ટીચર જયંતી, જયસુખ, મનસુખભાઈ મોણપરા, લાભુબેન વાઘાણી, શેવલબેન, પંચાબેન પટેલ, વાઘેલા વિપુલભાઈ, રાજુભાઈ, વિનુભાઈ પટેલની ૩૬૫ દિવસની હાજરી હોય છે.

ઘરકામ માટે સગીરાને બોલાવી સાધુએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

બોટાદ

બોટાદનાં બરવાળામાં સાધુએ સાધુતા લજવ્યાનો કિસ્સો સામે આવ્યો છે. બરવાળાનાં રોજીદમાં સગીરા સાથે સાધુએ દુષ્કર્મ કર્યાની ફરિયાદ સામે આવી છે. ઋષિપ્રસાદદાસજીએ સગીરા પર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધવામાં આવી છે. ઘરકામ માટે બોલાવી સાધુએ સગીરા પર દુષ્કર્મ આચર્યાનો આરોપ છે. ૪ મહિના પહેલા સતત ૪ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હોવાની વાત પ્રકાશમાં આવી છે. આ મામલે બરવાળા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

બરવાળા તાલુકાનાં રોજીદ ગામે સ્વામિનારાયણ મંદિરનાં સાધુ ઋષિપ્રસાદજી ગુરૂશાસ્ત્રી રામદાસજી સંત દ્વારા ઘરકામ માટે સગીરાને બોલાવીને તેની પર દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી છે. તેમણે સગીરાને આશ્રમ તેમજ ઘરનાં કચરા-પોતા કરવા બોલાવી સતત ૪ દિવસ સુધી સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતુ. જો પરિવારને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી મળતા ગભરાયેલી સગીરાએ તેની સાથે દુષ્કર્મ થયાની વાત ઘરે કરી હતી.

સગીરાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તે જયારે બજારમાં નીકળતી ત્યારે સાધુ તેની પાછળ આવતો અને કચરા-પોતા કરવા કેમ નથી આવતી તેમ કહીને ધમકાવતો. આ ઘટના અંગે ફરિયાદ નોંધાતા પોલીસે સાધુને પકડવાની કવાયત હાથ ધરી હતી. પોલીસે બુધવારે સાધુ ઋષિપ્રસાદદાસજી ગુરૂશાસ્ત્રી રામદાસજી સંતની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધ્રાંગધ્રા જેલતંત્ર નિંદ્રામાં..!! મોબાઈલ અને સિમકાર્ડ મળી આવ્યા

ધ્રાગધ્રા

થોડાક દિવસ પહેલા સુરેન્દ્રનગર સબ જેલમાંથી મોબાઈલ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. તો હવે ધ્રાંગધ્રા સબ જેલમાંથી પણ ચેકિંગ દરમિયાન ૩ મોબાઈલ, ૧ ચાર્જર અને સિમકાર્ડ મળી આવતા જેલતંત્રનું વધુ એક પોલંપોલ બહાર આવ્યું છે. આ મામલે સુરેન્દ્રનગર સબજેલ ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેટ બી.બી.ઝાલાની તપાસ થઈ રહી છે. જેલમાંથી બિનવારસી મોબાઈલ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ધ્રાંગધ્રા જેલમાંથી ૪ દિવસમાં ૫ મોબાઈલ, ૪ ચાર્જર અને ૧ સિમકાર્ડ મળી આવ્યું છે. તો સુરેન્દ્રનગર સબ જેલમાંથી ૭ મોબાઈલ અને ૮ ચાર્જર મળી આવ્યા હતા. બંને જેલમાંથી કુલ ૧૨ મોબાઈલ, ૧૨ ચાર્જર અને ૧ સિમકાર્ડ મળી આવ્યા છે. ડીજી વિજિલ્સ સ્કવૉડને ચેકિંગ દરમિયાન કંઈજ હાથ લાગ્યુ નહોતુ. સ્થાનિક પોલીસે ૪ દિવસમાં ૭ મોબાઈલ અને ૮ ચાર્જર ઝડપી પાડ્યા હતા. ડીજી સ્કવૉડે તમામ બેરેક, શૌચાલયો સહિત ખુણેખુણાનું ચેકિંગ કર્યું હતુ. જેલમાંથી હજુ પણ અનેક મોબાઈલ મળી આવવાની શક્યતા રહેલી છે.

બીજી તરફ ૪ દિવસ બાદ પણ જવાબદાર અધિકારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કાગળ પર તપાસનાં આદેશ અપાયા બાદ પણ મોબાઈલ પકડાવવાનો સિલસિલો ચાલુ છે. તો આરોપીઓને જેલમાં જલસા મળતા હોવાથી ફરિયાદીઓમાં દુ:ખની લાગણી અને નારાજગી જોવા મળી રહી છે.

આ વખતે પેટન્ટ એજન્ટ બનનારા ઉમેદવારોની સંખ્યા વધશે

અમદાવાદ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં બૌદ્ધિક સંપદા અધિકાર - ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (આઈપીઆર)નો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ કરીને આત્મવિશ્વાસ વધતા પેટન્ટ એજન્ટની પરીક્ષા આપનાર ઉમેદવારોની સંખ્યામાં વધારો થતાં ગુજરાતને વધુ પેટન્ટ એજન્ટો ઉપલબ્ધ બનશે એવા અણસાર સાંપડ્યા છે. આ વખતે પેટન્ટ એજન્ટની પરીક્ષા આપનારાઓમાં ૨૫ ઉમેદવારો એવા હતા કે જેમણે જીટીયુમાં કોર્સ કરીને પેટન્ટ એજન્ટની પરીક્ષા આપી હતી. ફાર્માસ્યુટીકલ્સ અને એન્જીનિયરીંગની મોટી કંપનીઓમાં આવી લાયકાત ધરાવતા ઉમેદવારોની માંગ વધી છે.

જીટીયુએ તાજેતરમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન આઈપીઆર કોર્સની ચોથી બેચમાં પ્રવેશની જાહેરાત કરી તેને વ્યાવસાયિકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જીટીયુ અને અન્ય કોઈપણ યુનિવર્સિટીના અનુસ્નાતક અથવા પીએચડીના વિદ્યાર્થીઓ કે તે ઉત્તીર્ણ કરી ચૂકેલી વ્યક્તિઓ, વિજ્ઞાન કે ટેક્નોલોજીનું બેકગ્રાઉન્ડ ધરાવતા હોય એવા પ્રાધ્યાપકો અથવા ઉદ્યોગ સાહસિકો કે ઔદ્યોગિક એકમોના અધિકારીઓ પણ આ કોર્સમાં જોડાઈ શકે છે. આ કોર્સમાં દર વર્ષે ૬૦ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવે છે અને વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક થયેલા અને ઉદ્યોગોમાં કાર્યરત ઉમેદવારોને પણ તેમાં અગ્રક્રમ આપવામાં આવે છે. આ ઑફ-કેમ્પસ કોર્સમાં દર મહિને એક શનિ-રવિ ક્લાસ ચલાવવામાં આવે છે.

જીટીયુએ છેલ્લા આઠ વર્ષમાં આઈપીઆર-પેટન્ટને લગતા ૧૦૦ વર્કશોપ યોજીને લગભગ આઠ હજાર પ્રોફેસરોને તાલીમ આપી છે. તે ઉપરાંત બીઈના સેમેસ્ટર-૭ અને ૮ તથા એમ.ફાર્મના સેમેસ્ટર-૩માં પેટન્ટને લગતા વિષયો ઉમેરવામાં આવ્યા છે. જીટીયુ તરફથી સપ્ટેમ્બર-૨૦૧૪થી આઈપીઆરનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો. સ્ટાર્ટ અપની તાલીમમાં પણ પેટન્ટના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ બધા પ્રયાસોને કારણે જીટીયુના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ૩૫૬ પેટન્ટ અરજી કરવાની સફળતા હાંસલ કરી છે, એમ જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.(ડૉ) નવીન શેઠે જણાવ્યું હતું.

દુનિયામાં કોઈપણ દેશની નોલેજ બેઝ અર્થતંત્રમાં આઈપીઆર અને પેટન્ટ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગત વર્ષે ભારતમાં આશરે ૪૫ હજાર પેટન્ટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી, તેમાંથી ૭૦ટકા અરજીઓ બહુરાષ્ટ્રીય કંપનીઓ કે વિદેશીઓએ દાખલ કરી હતી. વર્ષ ૨૦૧૫ પછીથી ચીનમાં દર વર્ષે દસ લાખથી વધુ પેટન્ટ અરજીઓ દાખલ કરાય છે. ભારતમાં આઈપીઆરના ક્ષેત્રમાં પૂરતી જનજાગૃતિનો અભાવ છે. તે બાબતને ધ્યાનમાં રાખીને આ કોર્સ છેલ્લા ચાર વર્ષથી શરૂ કરાયો છે અને તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, એમ જીટીયુના આઈપીઆર વિભાગના ઈન્ચાર્જ અમિત પટેલે જણાવ્યું હતું.

દિલ્હીના છતરપુર વિસ્તારમાં લીવ-ઈન પાર્ટનરની હત્યા બાદ યુવકનો પણ આપઘાત

નવીદિલ્હી

ડિપ્રેશનને દૂર કરવા આત્મહત્યા એકમાત્ર વિકલ્પ છે', 'અસ્તિત્વથી ઘણું સહન કરવું પડી રહ્યું છે.' દિલ્હીના છતરપુર વિસ્તારમાં એક યુવકે તેની લીવ-ઈવ પાર્ટનરનું ગળું કાપીને હત્યા કરીને પોતે પણ આપઘાત કરતા પહેલા કંઈક આવા જ સંદેશ ઘરની દીવાલ પર રંગોથી પેઈન્ટ કર્યા હતાં. પોલીસના જણાવ્યા પ્રમાણે ૨૬ વર્ષીય યુવકને આશંકા હતી કે તેની લીવ-ઈન પાર્ટનર તેની સાથે વિશ્વાસઘાત કરી રહી છે. આથી તેણે તેણીની હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે યુવતીની હત્યા કર્યા બાદ યુવકે તે જે ઘરમાં રહેતા હતા તેની દીવાલ પેઈન્ટ કરી હતી. એટલું જ નહીં તેણે ઘરના અરીસા અને ફ્લોર પર પણ કાળા અને લાલ રંગથી પેઈન્ટિંગ કર્યું હતું. માહિતી પ્રમાણે યુવકની લીવ-ઈન પાર્ટનરને પેઈન્ટિંગનો શોખ હતો. યુવકે તેણીની હત્યા કર્યા બાદ તેણીની પેન્સિલ અને કલરથી બે પાનાની એક સુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં યુવકે પોતે યુવતીને ખૂબ પ્રેમ કરતો હોવાનું તેમજ બંનેની ખાસ ક્ષણો કેદ હતી તે મોબાઈલ ફોન ગુમ થઈ ગયો હોવાની વાત લખી હતી. યુવક અને યુવતીની સાથે આ ફ્લેટમાં અન્ય એક યુવક પણ રહેતો હતો, જે આપઘાત કરી લેનાર યુવકનો મિત્ર હતો. સૂત્રના જણાવ્યા પ્રમાણે યુવકે આપઘાત પહેલા ફ્લેટના દરવાજા પર લખ્યું હતું કે, તું બચી ગયો.સૂત્રોના જણાવ્યા પ્રમાણે યુગલના ફ્લેટમાંથી બે ડાયરી પણ મળી છે. આ ડાયરીમાં બંનેએ પોતાની ખાસ ક્ષણોનું વર્ણન કર્યું છે, તેમજ તેમની રોજિંદી જિંદગી વિશેની નોંધ લખી છે.યુવતીનો મૃતદેહ જે રૂમમાંથી મળી આવ્યા તેની દીવાલ પર, આપણ બધા શેતાન છીએ,આપઘાત કરવો એ ડિપ્રેશનને દૂર કરવાનો અંતિમ રસ્તો છે અસ્તિત્વથી ઘણું સહન કરવું પડી રહ્યું છે. વિશ્વાસઘાત જેવા સંદેશ પેઈન્ટ કરેલા હતા. મળતી માહિતી પ્રમાણે યુવક ડિજિટલ માર્કેટિંગમાં એક્ઝિક્યુટિવની નોકરી કરતો હતો. તેમજ ૨૩ વર્ષની એક ગ્રાફિક ડિઝાનર યુવતી સાથે આ વર્ષના જુલાઈ મહિનાથી લીવ-ઈન પાર્ટનર તરીકે રહેતો હતો.

એમપી વિધાનસભા ચૂંટણી ૨૦૧૮

૬૫૬ કરોડપતિ ઉમેદાવારોમાંથી સૌથી અમીર ભાજપના ઉમેદવાર છે

ભોપાલ

મધ્ય પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં આ વખતે કરોડપતિ ઉમેદવારોની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે. ગઈ ચૂંટણીમાં ૧૯ ટકા ઉમેદવાર કરોડપતિ હતા પરંતુ આ વખતે તેમની સંખ્યામાં વધારો થયો છે અને તે ૨૪ ટકા સુધી પહોંચી ગયો છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિપોર્ટ અનુસાર આ વખતે કુલ ૨૭૧૬ ઉમેદવાર મેદાનમાં છે જેમાં ૬૮૫ ઉમેદવાર રાષ્ટ્રીય પાર્ટીના ઉમેદવાર છે. જ્યારે ૩૪૮ ઉમેદવાર સ્થાનિક પાર્ટીના ઉમેદવાર છે. વળી, ૧૦૧૫ અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે.

કુલ ૬૫૬ ઉમેદવારોમાંથી ૨૪ ટકા ઉમેદવારો એવા છે કે જે કરોડપતિ છે જ્યારે ગઈ વખતે ૨૪૯૪ ઉમેદવારોમાંથી ૪૭૧ ઉમેદવારો એટલે કે ૧૯ ટકા ઉમેદવારો કરોડપતિ હતા. ભાજપના કુલ ૧૭૯ ઉમેદવારો પર નજર નાખીએ તો તે કરોડપતિ છે. એટલે કે ભાજપના કુલ ૮૧ ટકા ઉમેદવાર કરોડપતિ છે. જ્યારે કોંગ્રેસના ૧૭૩ એટલે કે ૭૮ ટકા, બસપાના ૨૧૪માંથી ૫૨ ઉમેદવાર એટલે કે ૨૪ ટકા કરોડપતિ છએ. વળી, આમ આદમી પાર્ટીના ૩૮ એટલે કે ૧૮ ટકા ઉમેદવાર કરોડપતિ છે. આ તમામ લોકોના શપથપત્ર અનુસાર તેમની સંપત્તિ એક કરોડ એટલે કે તેનાથી વધુ છે.આ વખતે ચૂંટણી મેદાનમાં ઉમેદવારોની સરેરાશ સંપત્તિ કાઢીએ તો તે ૧.૭૩ કરોડ રૂપિયા છે. એકલા ભાજપના કુલ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ કાઢીએ તો તે ૬.૨૩ કરોડ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસના ૨૨૩ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૮.૬૨ કરોડ, આપના ૨.૬ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૬૭.૭૨ લાખ, બસપાના ૨૧૪ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૧.૧૬ કરોડ રૂપિયા છે. વળી, ૭ ઉમેદવાર એવા પણ છે કે જેમણે પોતાની સંપત્તિ શૂન્ય બતાવી છે. વળી, ૫૪૪ ઉમેદવાર એવા પણ છે જેમણે ના તો પોતાના પેન કાર્ડ અને ના સંપત્તિની જાણકારી આપી છે.

ત્રણ સૌથી અમીર ઉમેદવાર ભાજપના છે. વિજયરાઘવગઢથી ભાજપ ઉમેદવાર સંજય પાઠકે પોતાની સંપત્તિ ૨૨૬ કરોડ ઘોષિત કરી છે. છેલ્લા પાંચ વર્ષોમાં તેમની સંપત્તિમાં ૮૬ ટકાનો વધારો થયો છે. વળી, કોંગ્રેસ ઉમેદવાર સંજય શર્મા કે જે તેંદુખેડાથી મેદાનમાં છે તેમની કુલ સંપત્તિ ૧૩૦ કરોડ છે. છેલ્લા પાંચ વર્ષોમાં તેમની સંપત્તિમાં ૧૦૦ ટકાનો વધારો થયો છે.

આ પોલિસી દ્વારા અંદાજે ૧ લાખ વ્યક્તિઓને રોજગારી આપવાનું લક્ષ્ય

ગુજરાત બનશે ગારમેન્ટ હબ, સીએમ રૂપાણીએ કરી જાહેરાત

ગાંધીનગર

ગુજરાતને ગારમેન્ટ હબ બનાવવાની દિશામાં આગળ વધતા મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ અરવિંદ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય લાલભાઈ સાથે એક પ્રેઝન્ટેશન બેઠકનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ગુજરાતને ગારમેન્ટ હબ બનાવવાની દિશામાં રાજ્ય સરકારની આગામી ગારમેન્ટ પોલિસી સક્ષમ માધ્યમ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે આ નવી ગારમેન્ટ પોલિસી દ્વારા મોટા પાયે રોકાણો સાથે અંદાજે ન્યૂનતમ ૧ લાખ વ્યક્તિઓને રોજગારી આપવાનું લક્ષ્ય છે. આ લક્ષ્યાંકની પૂર્તિમાં અરવિંદ લિમિટેડ દ્વારા રૂ.૩૫૦ કરોડના ખર્ચે અમદાવાદ નજીક સ્થપાઇ રહેલી ૩ નવી સુવિધાઓ ઉપયુક્ત બનશે તેમ જણાવ્યું હતું.

આ નવી સુવિધાઓને પરિણામે ૧૨ હજાર લોકોને રોજગાર અવસર મળશે તેમજ બહુધા મહિલાઓ-બહેનોને આ રોજગાર તક મળશે. રાજ્ય સરકાર એપેરલ એન્ડ ગારમેન્ટ પોલિસી અંતર્ગત સ્થપાયેલા એકમોમાં મહિલા કામદારોને માસિક રૂ.૪,૦૦૦ વેતન આપે છે તેનાથી પ્રેરિત થઈને હવે ગારમેન્ટ એપેરલ ઉદ્યોગો પણ મહિલાઓને વ્યાપક રોજગારી-તાલીમ અને ડોરમેટ્રી સપોર્ટ માટે આગળ આવ્યા છે.

અરવિંદ મિલ્સ લિમિટેડ દ્વારા ખાસ કરીને વનબંધુ-આદિજાતિ બહેનો માટે આ સુવિધાઓમાં તાલીમ અને ડોરમેટ્રી સપોર્ટ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર અને એપેરલ પ્રમોશન કાઉન્સિલ વચ્ચે દિલ્હી અને મુંબઈના તાજેતરના વાઈબ્રન્ટ રોડ શો- કર્ટેન રેઈઝર દરમિયાન ચાર જેટલા એમ.ઓ.યુ. એપેરલ ગારમેન્ટ ક્ષેત્રો રોકાણો પ્રેરિત કરવા માટે થયાં છે.

અરવિંદ લિમિટેડ પણ તેની રૂ. ૩૫૦ કરોડની નવી સુવિધાઓ સાથે આ દિશામાં આગળ વધ્યું છે. આ નવી સુવિધાઓને પરિણામે ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીને અનુરૂપ આનુષાંગિક ઉદ્યોગોનો પણ વ્યાપક વિકાસ થવાથી સ્થાનિક સ્વરોજગારની તકો ખૂલશે.

રૂપિયા પરત મળવાની આશા બંધાતા, ક્રાઈમબ્રાંચમાં રોકાણકારોની ભીડ જામી

અમદાવાદ

અચર કેરના ૨૬૦ કરોડ કૌભાંડ કેસમાં નેપાળમાંથી કૌભાંડી વિનય શાહની ધરપકડ બાદ રોકાણકારો ફરિયાદ કરવા ઉમટ્યા. સીઆઈડી ક્રાઈમમાં મોટી સંખ્યામાં રોકાણકારોનો ઘસારો. જ્યારે કે બીજી તરફ, વિનય શાહ નેપાળમાં દંડ ભરસે કે નહીં તેની પર સીઆઈડીની બાજ નજર છે. ત્યારે વિનય શાહના વિશ્વાસુ એવા દિપક ઝાંએ સીઆઈડી સમક્ષ કેટલાક ખુલાસા કર્યાછે.

વિનય શાહની ૩૧ લાખની વિદેશી કરન્સી સાથે નેપાળમાં ધરપકડ થઈ છે. વિનય શાહ સાથે તેની પ્રેમિકા ચંદા થાપા પણ ઝડપાઈ હોવાની માહિતી બાદ સીઆઈડી ક્રાઈમની ઓફિસમાં રોકાણકારોની ભીડ ઉમટી. મોટી સંખ્યામાં રોકાણકારો છેતરપીંડીની ફરિયાદ નોંધાવવા ઓફિસે પહોંચ્યા હતા. તેઓને તેમના રૂપિયા પરત મળશે કે નહીં તેવો સવાલ હવે ઉભો થયો છે . પણ વિનય શાહની ધરપકડ બાદ એક આશા જરૂર બંધાઈ છે કે તેમની જીવનની કમાણી પરત મળી શકશે.

વિનય અને તેની પ્રેમિકા ચંદા નેપાળની કલબ બારમાં જલસા કરી રહ્યા હતા. જુદી જુદી કરન્સીથી ચૂકવણી કરતા કલબના મેનેજરને તેના પર શંકા ગઈ હતી. જેને કારણે આ કૌભાંડી ઝડપાયો હતો. મહત્વનું એ છે કે, ૩૧ લાખની વિદેશી કરન્સી વિનય પાસેથી મળી આવી છે. જેથી તેની તપાસ રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા ચાલી રહી છે. આ કેસમાં વિનયને દંડ થઈ શકે છે અને જો દંડ ના ભરે તો સજા પણ થઈ શકે છે.. જેથી કરીને સીઆઈડીની બાજ નજર વિનય પર છે.

સીઆઈડી ક્રાઈમે એક જ દિવસમાં ૧૦૦થી વધુ લોકોની ફરિયાદના પગલે નિવેદન નોંધ્યા છે. ૭૦ લાખની છેતરપીડીનો આંકડો હવે કરોડો સુધી પહોચી ગયો છે. ત્યારે દિપક ઝાની પૂછપરછમાં આ કૌભાંડ કેસની તપાસમાં સીઆઈડી ક્રાઈમને નવી દિશા મળી છે. આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીની પોલીસે શોધખોળ શરૂ કરી છે. મંગળવારે સીઆઈડી ક્રાઈમે તેના વિશ્વાસુ ગણાતા દીપક ઝાની પૂછપરછ કરી હતી. તેનો વિશ્વાસુ ગણાતો દીપક ઝા પણ એકવાર છેતરપિંડીના કેસમાં જેલમાં જઈ આવ્યો છે. તે આ કૌભાંડનો માસ્ટર માઈન્ડ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ વ્યક્તિ વિનય શાહનાં કારનામા અંગે ઘણું જાણતો હોવાનું મનાઈ રહ્યું છે. પણ પૂછપરછ બાદ જ્યારે દીપક ઝા બહાર આવ્યો તો તેણે એવું રટણ કર્યુ કે તે તો વિનય શાહની કંપનીનો એક સામાન્ય કર્મચારી હતો. દીપક ભલે કહેતો કે તે માત્ર વિનય શાહની કંપનીમાં સોફ્ટવેર ટેસ્ટર હતો. પણ એવું મનાઈ રહ્યું છે.

રામ ભક્ત ભાજપને અને કોંગ્રેસ ભક્ત રાવણને મત આપે: યોગી આદિત્યનાથ



અલવર

હિન્દુત્વના એજન્ડા પર બીજેપી વતી રાજસ્થાન ચૂંટણી પ્રચારમાં ઉતરેલા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વોટ માટે ભગવાનને પણ નથી છોડી રહ્યા. રાજસ્થાનના અલવરમાં બીજેપી ઉમેદવાર માટે બજરંગબલીના નામ પર વોટ આપવાની અપીલ કરતાં તેમણે કહ્યું કે, બજરંગબલી દલિત હતા.

અલવર જિલ્લાના માલાખેડામાં જનસભાને સંબોધતા યોગી આદિત્યનાથે કહ્યું કે, બજરંગબલી એક એવા લોકદેવતા છે, જેઓ સ્વયં વનવાસી છે, ગિરવાસી છે, દલિત અને વંચિત છે.

તેમણે એમ પણ કહ્યું કે, ચૂંટણીમાં રામ ભક્ત બીજેપીને વોટ આપે અને રાવણ ભક્ત કોંગ્રેસને મત આપે. ભરતપુરમાં ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે બીજેપી ઔરંગઝેબ જેવા લોકોથી રક્ષા કરી શકે છે. રામ રાજ્ય લાવવા માટે બીજેપી ઉમેદવારને જીતાડો.

પીએમ મોદીને મળેલી

મોંઘી અને અનોખી ગિફ્ટ ખરીદવા ડિસેમ્બરમાં ઓનલાઈન હરાજી થશે

નવીદિલ્હી

હવે તમે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલી ગિફ્ટ પણ ખરીદી શકશો. છેલ્લા ૪ વર્ષમાં વડાપ્રધાન મોદીને મળેલી સોગાતની ઓનલાઈન નિલામી કરવામાં આવશે. હાલ આ ગિફ્ટ દિલ્હીના નેશનલ ગેલેરી ઓફ મોડર્નમાં પ્રદર્શન હેઠળ છે, આ ગિફ્ટની નિલામીમાંથી મળેલી રકમને જનકલ્યાણના કામમાં ઉપયોગમાં લેવામાં આવશે.

એક દોરાથી બનેલી ફ્રેમ પેન્ટિંગ હોય અથવા હનુમાનજીની ગયા અથવા સરદાર પટેલની મેટલિક મૂર્તિ, આવી અનેક ગિફ્ટ તમે ખરીદી શકશો. વડાપ્રધાન મોદીને દેશ-વિદેશના પ્રવાસ દરમિયાન અનેક મોંઘી અને અનોખી ગિફ્ટ મળી છે જે તમે ખરીદી શકશો.વડાપ્રધાન મોદીને મળેલી ગિફ્ટ અંગે વાત કરીએ તો મોદીને દેશ-વિદેશમાંથી અંદાજે ૧૯૦૦ ભેટ મળી છે. હવે આ ભેટને ઈ ઓક્શન કરવાની તૈયારી ચાલી રહી છે. આ ભેટમાં પ્રધાનમંત્રીને મળેલી પાઘડી, હાફ જેકેટ, પેન્ટિંગ અને ધનુષ જેવી વસ્તુઓ સામેલ છે.વડાપ્રધાનની ભેટ સોગાત ખરીદવા ઈચ્છતા લોકો નેશનલ ગેલરી ઓફ મોડર્ન આર્ટ્સમાં પ્રદર્શીત વસ્તુઓ જોઈ શકે છે ત્યારબાદ તેઓ વસ્તુની બોલી લગાવી શકે છે. ઉલ્લેખનીય છે કે આવું પ્રથમવાર થઈ રહ્યું છે જ્યારે વડાપ્રધાનને મળેલી ભેટ સોગાતની નિલામી થશે. ડિસેમ્બરના બીજા સપ્તાહ સુધીમાં આ ઓનલાઈન હરાજીની પ્રક્રિયા શરૂ થશે.વડાપ્રધાન મોદીને મળેલી ભેટ સોગાત ખરીદવા માટે તમારે openauction.gov.in પર બોલી લગાવવાની રહેશે. આ ભેટની પ્રથમ કિંમત પ્રધાનમંત્રી કાર્યાલયએ નક્કી કરી છે. પ્રાપ્ત વિગત પ્રમાણે વડાપ્રધાનની પાઘડીઓની કિંમત ૮૦૦ રૂપિયાથી શરૂ થાય છે. જ્યારે સાલની કિંમત ૫૦૦થી શરૂ થાય છે. પેન્ટિંગ અને ફોટો ફ્રેમની બોલી ૫૦૦ રૂપિયાથી શરૂ થશે.

૧૦ દિવસથી ગ્રામજનોએ શાળાને કરી તાળાબંધી, શિક્ષણમંત્રીના પૂતળાનું દહન

જામનગરના લાલપુર નાંદુરી તાલુકા શાળામાં વારંવાર ગ્રામજનોની માંગણી છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહયા છે. શાળામાં પોણા બસો બાળકો વચ્ચે માત્ર બે શિક્ષકોથી બાળકોનો અભ્યાસક્રમ પૂર્ણ થતાં નથી. જેના કારણે છેલ્લા કેટલાય સમયથી વધુ શિક્ષકોની માંગણી છે. તંત્રની આ નિતીથી રોષે ભરાયેલા ગ્રામજનોએ ન છૂટકે આંદોલન કરવાની ફરજ પડી છે. છેલ્લા ૧૦ દિવસથી ગ્રામજનો એ શાળાને તાળાબંધી કરી છે વિધાર્થીઓનું ભાવી અંધકારમાં ધકેલાઈ રહયું છે. શિક્ષણમંત્રીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં સ્વચ્છતા સર્વેક્ષણનું પ્રથમ ઈન્સ્પેકશન ચોથી ડિસેમ્બરે

ગાંધીનગર

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ને લઈને કેન્દ્રની ટીમનું પ્રથમ ઈન્સ્પેકશન ચોથી ડિસેમ્બરે છે જેને લઈને રાજ્યના શહેરો અને નગરોને રાતોરાત સ્વચ્છ કરવાની હોડ લાગી છે અધિકારીઓ દ્વારા કચરા ઉપાડવાથી લઈને કચરાના નિકાલને લઈને રીતસર ઉધામો ચડયો છે. ૨૦૧૭માં ૪૩૪ શહેરો વચ્ચે હરિફાઈ હતી જે ૨૦૧૮માં ૬૧ કોન્ટેમેન્ટ બોર્ડ અને ૪૨૦૩ શહેર વચ્ચે હરિફાઈ હતી આ વખતે ૫૦૦૦થી વધુ શહેરો વચ્ચે આ હરિફાઈ યોજાનારી છે. સમગ્ર ભારતમાં કેન્દ્રની ૭૦ ટીમો આ માટે દેશને ખુંદશે.

આ સ્વચ્છ ભારત અભિયાનમાં સ્વચ્છતાનું રેકિંગ મેળવવા માટે અધિકારીઓએ રાત ઉજાગરા શરૂ કર્યા છે. ગલી મોહલા, જાહેર સ્થળો, વાણિજય વિસ્તાર, ખાણી-પીણી બજાર તેમજ ધાર્મિક સ્થળોને પણ આવરીલેવામાં આવ્યા છે. આ માટેની ડેડલાઈન ત્રીજી ડિસેમ્બર આપવામાં આવી છે. એટલે અધિકારીઓ દ્વારા શહેરોને સ્વચ્છ બનાવવા જનતા વચ્ચે દૌડ લગાવી છે.

જાહેર સ્થળો પર અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સૂકા-ભીના કચરાનું વગઋકરણની સમજ આપવા તેમજ ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતી વખતે સૂકો-ભીનો કચરો અલગ રાખવા જેવી બાબતોને મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે. મોલ, શોપિંગ સેન્ટર, મલ્ટીપ્લેક્ષ, ધાર્મિક સ્થળો પર ગલી, મહોલા, શેરીઓમાં જનસમૂહને સૂકા-ભીના કચરાને અલગ તારવવાની સમજ આપવામાં આવી રહી છે.

વલસાડ ખાતે ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિદ્ધાંતો અને પડકારો વિષય ઉપર પરિસંવાદ યોજાયો





પત્રકારત્વ એ સમાજનો અરીસો છે - નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક સેસિલ ક્રિસ્ટી

વલસાડ

ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિદ્ધાંતો અને પડકારો વિષય ઉપર વલસાડ ખાતે એક મીડિયા પરિસંવાદનું આયોજન કરાયું હતું.

દક્ષિણ ગુજરાત માહિતી વિભાગના પ્રાદેશિક વડા સંયુક્ત માહિતી નિયામક બી.ડી.રાઠવા અને પ્રાંત અધિકારી કે.જે.ભગોરાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સેમિનારમાં નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક સેસિલ ક્રિસ્ટીએ વલસાડમાં વિતાવેલા સાડાત્રણ વર્ષ એ ગોલ્ડન પીરીયડ હોવાનું જણાવી જિલ્લાના પત્રકારોના સહયોગની સરાહના કરતાં જણાવ્યું હતું કે, પત્રકારત્વ એ સમાજનો અરીસો છે ત્યારે સમાજની ચિંતા પત્રકારોએ કરવી જોઈએ.

દરેક વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં તો નિષ્ણાત હોય છે, પરંતુ જર્નાલીસ્ટને તો દરેક ક્ષેત્રમાં ઊંડી જાણકારી હોવી જોઈએ. આજના ડીજીટલ યુગમાં માહિતીનો વિસ્ફોટ થયો છે અને આખું વિશ્વ મોબાઈલમાં આવી ગયું છે, ત્યારે ઘણા પડકાર આપણી સામે છે. પુષ્કળ વાંચન અને ડીજીટલ ટેકનોલોજીના વિનિયોગ વડે જ આપણે આ પડકાર સફળતાપૂર્વક ઝીલી શકીશું. અખબારોએ તેમની જવાબદારી અદા કરવી જોઈએ, તેમ જણાવી દરેક પત્રકારોએ લોકોની વિશ્વસનીયતા કેળવવાની જિજ્ઞાસાવૃત્તિ રાખી જે તે વિસ્તારના લોકોને રસ પડે તેવું લખવા અને સાચી વાત લોકો સમક્ષ મૂકવા અનુરોધ કર્યો હતો. આજે દરેક વસ્તુ ડીજીટલ થઈ ગઈ છે, ન્યુમીડિયા, સોશીયલ મીડિયામાં સૌથી વધુ વોટસઅપનો ઉપયોગ લોકો કરે છે. આજે મોટા અખબારો પણ તેમનું અખબાર ડીજીટલ સ્વરૂપે આપે છે. વિદેશમાં તો ટેબલેટ સ્વરૂપે આપવામાં આવે છે. આજના ડીજીટલ યુગમાં વિવિધ મીડિયાઓમાં આવતા સમાચારોની વિશ્વસનીયતા જોવા મળતી નથી અને વેબસાઈટ ઉપર એક જ વસ્તુ અલગ અલગ રીતે જોવા મળે છે, જેની સત્યતા ચકાસીને જ લોકો સમક્ષ મૂકવી જોઈએ.

સારા પત્રકાર બનવા માટે લાયકાતની સાથે જિજ્ઞાસુ વૃત્તિ રાખી આપણી કલમને મજબૂત બનાવવી જોઈએ. અખબારોએ તેમની વિશ્વસનીયતા ટકાવવા માટે લોકોના માનસને ઓળખવાની સાથે પ્રજાને ગમે તેવું આપવા માટે સજ્જ થવું પડશે. એક અહેવાલ અનુસાર અખબારોમાં ૪.૮૭ ટકાનો વધારો થયો છે અને દેશના ૩૯ ટકા લોકો આજે પણ અખબારો વાંચે છે. જે અખબારોની વિશ્વસનીયતાને આભારી છે.

આજના યુગમાં સમૃદ્ધ વાંચન જરૂરી છે અને યુવા પેઢીને લગતી પ્રવૃત્તિઓને પણ પ્રિન્ટ કે ઈલેકટ્રોનિકસ મીડિયા તેમના કન્ટેન્ટમાં સામેલ કરે તો તે ટકી શકશે.

ખોટા સમાચારોથી તંત્રની છાપ ખરાબ થાય છે, જે ધ્યાને રાખી પત્રકારોએ કોઈપણ સમાચારો સંયમથી અને પ્રજાના હિતને લક્ષમાં રાખી સત્યતા ચકાસીને આપવા જોઈએ. ખોટા સમાચારો હોય તો તેની યોગ્ય સ્પષ્ટતા પણ અબબારો આપે તે જરૂરી છે.

સૂરત માહિતી પરિવારના અકાળે અવસાન પામેલા કર્મચારી રાકેશ કદમની કામગીરીને તેમણે બિરદાવી હતી.

ફયઝલ બકીલીએ જણાવ્યું હતું કે, આજે ડીજીટલ વાચકોનો ખૂબ જ વધારો થઈ રહયો છે. વેબસાઈટ ૭૦ ટકા મોબાઈલ ઉપર જ નિહાળે છે, જેમાં આપણું સ્થાન ટકાવી રાખવા આપણે યોગ્ય રસ્તો અપનાવવો જ પડશે.જે કંઈ લોકો સુધી પહોંચાડો છો તેમાં કન્ટેન્ટ જળવાશે તો તમે આ યુગમાં ટકી શકશો. ડીજીટલ પ્લેટફોર્મ અને ટેકનોલોજીનો ઉપયોગથી આજે ઘણા અખબારો ડીજીટલ બન્યા છે. જેમાં પણ વાચકોને મનગમતા સમાચાર, સ્ટોરી આપવાની સજજતા આપણે અવશ્ય કેળવવી પડશે. ફેક ન્યૂઝ આજે વિશ્વમાં ચિંતાનો વિષય બન્યો છે, ત્યારે કોઈપણ સમાચારોને યોગ્ય ચકાસણી કરીને સત્યતા સાથે જ લોકો સમક્ષ મૂકવામાં આવે તે માટે આત્મ ચિંતન કરવાની જરૂર છે. હકારાત્મક પત્રકારત્વ લોકશાહીને મજબૂત બળ પૂરું પાડે છે, તે તરફ વધવાની તાતી જરૂર છે. આજે તમામ માહિતી આંગળીના ટેરવે છે ત્યારે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ કેળવવી જોઈએ.

સંયુક્ત માહિતી નિયામક બી.ડી.રાઠવાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ અવસરે વલસાડ પ્રાંત અધિકારી કે.જે.ભગોરાએ જણાવ્યું હતું કે, પત્રકાર એ સમાજનું દર્પણ છે. સમાજને કઈ દિશા તરફ લઈ જવો તેનો આધાર ચોથી જાગીર એવા પત્રકારો છે, ત્યારે લોકોની વિશ્વસનીયતા ટકાવી રાખવી એ આપણી જવાબદારી છે. આજનો યુગ ઝડપથી વધી રહયો છે, અને કોઈપણ ઘટના બને ત્યારે તે ખૂબ જ ટૂંકા સમયમાં લોકો સુધી પહોંચાડવાનું થતું હોય છે, ત્યારે પત્રકારત્વમાં પણ બદલાવ લાવવા પડશે. સમાચારનું વેલ્યુ સાથે તાલમેલ મીલાવીને કામગીરી કરીશું તો આજના પડકારોને ઝીલી શકીશું. પત્રકાર તરીકે આપણે કોઈપણ સમાચાર જે પણ માધ્યમથી લોકો સુધી પહોંચાડીએ છીએ, તેની લખવાની શૈલી, ભાષા, શબ્દોને ખૂબ જ ચોક્કસ રીતે વાંચી મૂલ્યાંકન પણ કરતા હોય છે. આભારવિધિ નાયબ માહિતી નિયામક એમ.એસ.વળવીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઈ પટેલે કર્યું હતું. આ અવસરે સહાયક માહિતી નિયામક આર.આર.તડવી, વલસાડ જિલ્લા માહિતી પરિવાર સહિત પ્રિન્ટ, ઈલેકટ્રોનિક, ડીજીટલ મીડિયાકર્મીઓ હાજર રહયા હતા.

નવસારી અને વિજલપોર નગરપાલિકા ક્ષેત્રમાં વાહનો પર પ્રતિબંધ લાગુ

દિવસના સમયમાં ગુડ્ઝ તથા યાત્રી વાહનો દોડી શકશે નહીં

નવસારી

નવસારી શહેર તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેવા સંજોગોમાં ઉદભવેલ શહેરનો ટ્રાફિક વ્યવહાર નિયંત્રિત કરવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ ની પેટા કલમ-૧ (ખ) થી મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ તા.૨૬/૧૧/૧૮ થી તા.૨૪/૦૧/૧૯ સુધી નવસારી નગરપાલિકા અને વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં સવારે ૮-૦૦ થી બપોરે ૧૩-૦૦ તેમજ સાંજે ૧૬-૦૦ થી રાત્રિના ૨૧-૦૦ કલાક સુધી ગુડ્ઝ તથા પેસેન્જર વાહન જેનું વજન ૮.૫ ટન કે તેથી વધારે વજનવાળા વાહનો પર કોઈપણ રસ્તાથી નવસારી/વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ વાહનોમાં સરકારી વાહનો, પોલીસ વાહનો, સ્કુલ બસ એમ્બ્યુલન્સ, એસ.ટી.બસ, ફાયરના વાહનો અને ઈમરજન્સી સર્વિસમાં સમાવેશ થતો હોય આ વાહનો જાહેરનામાંથી મુકિત આપવામાં આવી છે. ઉપરોકત હુકમનો અનાદર કરનાર શિક્ષાને પાત્ર થશે.

હાર્દિક પટેલે કરી જાહેરાત: ૫ ડિસેમ્બરે ધાનાણીના ઘરનો ઘેરાવ કરશે

રાજકોટ

વિવિધ કાર્યક્રમોની રણનીતિ નક્કી કરવા માટે રાજકોટના ધોરાજી ખાતે સૌરાષ્ટ્રના પાસ કન્વિનરોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં હાર્દિક પટેલ પણ હાજર રહ્યો હતો. આ પ્રસંગે વિવિધ મુદ્દે ચર્ચા કરીને આગામી દિવસોમાં ખેડૂતોના પ્રશ્ને, અલ્પેશ કથીરિયાની જેલ મુક્તિ તેમજ પાટીદાર સમાજને અનામત મામલે વિવિધ કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં સંબોધન કરતા હાર્દિક પટેલે આગામી દિવસોમાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીના ઘરનો ઘેરાવ કરવાની જાહેરાત પણ કરી હતી.

બેઠક બાદ વિવિધ કાર્યક્રમોની જાહેરાત કરતા હાર્દિક પટેલે જાહેરાત કરી હતી કે આગામી પાંચમી ડિસેમ્બરના રોજ હાર્દિક પટેલ તેમજ પાટીદાર સમાજના યુવકો વિપક્ષના નેતા પરેશ ધાનાણીના ઘરનો ઘેરાવ કરશે. ઘેરાવ કરીને પાટીદાર સમાજને અનામત માટે ખાનગી બીલ લાવવાની માંગણી કરવામાં આવશે. એટલું જ નહીં ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ પાટીદાર સમાજના વિવિધ આગેવાનોના ઘરનો પણ ઘેરાવ કરવામાં આવશે. પાટીદાર આગેવાનોને અનામત મુદ્દે તેમનું શું માનવું છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવશે.

હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે, રાજદ્રોહ મામલે જેલમાં બંધ અલ્પેશ કથીરિયાની મુક્તિ માટે પણ જાન્યુઆરીમાં આંદોલન ચલાવવામાં આવશે. પાટીદાર સમાજની બહુમતી હોય તેવા તાલુકાઓમાં પગપાળા યાત્રા કાઢવામાં આવશે.

સૌરાષ્ટ્ર પાસની બેઠક બાદ વિવિધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૨૩મી ડિસેમ્બરના રોજ અમરેલીમાં ખેડૂત સંમેલન યોજાશે. પ્રથમ જાન્યુઆરીથી સૌરાષ્ટ્ર એકતા યાત્રા કાઢવામાં આવશે. અમરેલી જિલ્લામાં પગપાળા યાત્રા કરીને ત્રણ દિવસ ખેડૂતોની વેદન જાણવાનો પ્રયાસ કરવામાં આવશે. આ માટે ૨૦થી ૨૩મી ડિસેમ્બર એમ ત્રણ દિવસની રેલી કાઢવામાં આવશે. એટલું જ નહીં જાન્યુઆરી મહિનાથી સિદસર ઉમિયા માના દર્શન કરી સૌરાષ્ટ્રના તમામ તાલુકા અને ગામડા સ્તરે જઈને જન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવશે.

'રાજકીય રોટલા શેકવા સરકાર કરે ઉત્સવોના તાયફા, પરંતુ ખેડૂતોના દેવા માફ કરતી નથી'

ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસ વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ખેડૂતના મોત મામલે અને હાલ ગોંડલના મરચાંના ગોડાઉનમાં આગ લાગવાના મામલે પ્રતિક્રિયા આપી હતી. પરેશ ધાનાણીએ રાજ્ય સરકાર પર આડકતરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જગતનો તાત જીવવા માટે સંઘર્ષ કરી કરી રહ્યો છે. નોટબંધીથી કૃષિક્ષેત્રે ભારે નુકસાન થયું છે અને ગુજરાત રાજય અછતની ઝપેટમાં સપડાયું છે.

ત્યારે સરકારે ખેડૂતોને અને તેમના પશુધનને બચાવવા માટે જાહેરાત કરી રહ્યા છે. સરકાર રાજકીય રોટલા શેકવા માટે ઉત્સવોના તાયફા કરે છે પરંતુ ખેડૂતોના દેવા માફ કરતી નથી. ભાજપની સરકારે પંજાબ અને કર્ણાટકની સરકારમાંથી શીખ મેળવીને ખેડૂતોના દેવા માફ કરવા જોઈએ.

આ ઉપરાંત તેમને ગોંડલના ગોડાઉનમા આગ લાગવા મામલે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. ગોડાઉનોમાં આગ લાગવાની ઘટનાથી મગફળી કૌભાંડની યાદ તાજી થઈ છે. સરકારના મળતીયાઓ ભ્રષ્ટાચાર છૂપાવવા માટે આ પ્રકારની પ્રવૃતીઓ કરતા હોવાના આક્ષેપ કર્યા હતા.

તમને જણાવી દઈએ કે, મરચાના મેદાનમાં લાગી આગને કારણે ખેડૂતોને ફરી એક વખત મોટું નુકસાન થયું છે. ખેડૂતો પોતાના મરચા વેચવા માટે યાર્ડમાં પહોંચ્યા હતા. તે સમયે આ દૂર્ઘટના બની હતી. ૪૦થી વધુ ખેડૂતોના મરચા આગની ઝપેટમાં આવી જતા ખેડૂતોને ફરી એક વખત મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

પીઆરએસમાંથી ટીકીટ નીકળતા પહેલા યાત્રીઓને જાણકારી આપવા રજૂઆત

સુરત

રાજધાની-શતાબ્દી-દુરંતો-હમસફર ટ્રેનોમાં પીઆરએસમાંથી ટીકીટ નીકળતા પહેલા કોમ્પ્યુટર સ્કીન ઉપર સીટ નંબર અને કોચ નંબરની યાત્રીઓ અને કોમ્પ્યુટર ઓપરેટરને જાણકારી આપવા પશ્ચિમ રેલવેના ઝેડઆરયુસીસી સભ્ય રાકેશ શાહે રેલમંત્રીને રજૂઆત કરી હતી.

ઉપરોકત ટ્રેનોમાં યાત્રીઓ કોમ્પ્યુટર રીઝર્વેશન સેન્ટર ઉપર જ્યારે ટીકીટ કઢાવવા જાય છે ત્યારે કન્ફર્મ ટીકીટ મળતી હોય તેવા સંજોગોમાં કોમ્પ્યુટર ક્લાર્કને સ્કીન ઉપર ફકત કન્ફર્મ એવું જ દેખાય છે, ક્લાર્ક જ્યારે ટીકીટ કાઢે છે ત્યારે યાત્રીઓએ ફોર્મમાં પોતાની પસંદગી પ્રમાણેની લોઅર કે સાઈડ કે મીડલ કે પસંદગીની બર્થ માંગી હોય તો તે ઘણી વખત મળતી જ નથી, અને કેટલીક વાર તો સાઈડ અપર કે ઉપરની સીટની ફાળવણી થઈ જાય છે અને ત્યાર પછી ક્લાર્ક તથા યાત્રીઓને ટીકીટ નીકળ્યા પછી જ ખબર પડે છે જેથી મોટાભાગના યાત્રીઓ નારાજ થઈ ક્લાર્ક સાથે જીભાજોડી કરે છે અથવા સીટ નંબર પસંદગી પ્રમાણેનો નંબર ન હોવાથી કે પછી પોતાના ફેમીલી મેમ્બર્સ કે મિત્રો સાથેના કોચમાં નંબર ન આવવાથી ટીકીટ કેન્સલ કરાવે છે, ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ, સીનીયર સીટીઝન યાત્રીઓ, દિવ્યાંગ યાત્રીઓને પસંદગી પ્રમાણેનો સીટ નંબર કે કોચ નંબર ન મળવાથી ખૂબ જ તકલીફ પડતી હોય છે, જેથી ઉપરોકત ટ્રેનો સિવાય તમામ ટ્રેનોમાં ટીકીટ નીકળતા પહેલા સીટ નંબર અને કોચ નંબર જો ક્લાર્ક અને યાત્રીઓને કોમ્પ્યુટર ઉપર દેખાતા હોય તો પછી આ ટ્રેનોમાં કેમ નહીં ? માટે દરેક ટ્રેનોમાં જો ટીકીટ કન્ફર્મ હોય તો પછી સીટ નંબર અને કોચ નંબરની જણકારી યાત્રીઓને મળવી જ જોઈએ, શા માટે અમુક ટ્રેનોમાં યાત્રીઓને જાણકારી મળે છે અને અમુક ટ્રેનોમાં નથી મળતી ? હાલમાં જ દિવાળીના તહેવાર દરમ્યાન યાત્રીઓ આ નિયમને લીધે ભારે મુંઝવણ અને તકલીફ ભોગવી રહ્યા છે.

કરતારપુર પહેલા પાનાથી ચાલુ

ભોપાલમાં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે પાડોશી સાથે વાતચીત કેવી રીતે થઈ શકે. સુષ્માએ સાર્ક સંમેલનમાં ભારતે સામેલ નહીં થવાનો સ્પષ્ટ ઈકાર કરી દીધો. તેમણે કહ્યું કે આપણે પઠાનકોટ અને ઉરી હુમલાને પણ જોવો પડશે. વાત અને આતંક સાથોસાથ ચાલી શકે નહીં.

સાર્ક સમિટ માટે પીએમ મોદીને પાકે નિમંત્રણ પાઠવવા પર સુષ્મા એ કહ્યું કે સાર્ક સંમેલન માટે તારીખ તમામ સભ્યોની સહમતિના આધાર પર નક્કી કરાય છે. આ એક સામાન્ય પરંપરા છે. તારીખ નક્કી થયા બાદ જ સભ્ય રાષ્ટ્રોને ઔપચારિક નિમંત્રણ મોકલાય છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે ભારત સાર્ક સંમેલનમાં કોઈ ખાસ અતિથિ નથી. તેના માટે પાકિસ્તાન ખાસ નિમંત્રણ મોકલશે. સાર્કનું ભારત અભિન્ન ભાગ રહ્યું છે. તમામ સભ્યોની સહમતિના આધાર પર જ સાર્ક સંમેલનની તારીખ નક્કી કરાઈ છે. જો કે અફસોસજનક છે કે આ વખતે એવું થઈ શકયું નહીં.

કરતારપુર કોરિડોરના પ્રશ્ન પર સુષ્માએ કહ્યું કે સરકારો કોઈપણ રહી હોય બધા એ કરતારપુર કોરિડોરની માંગણી કરી હતી. આપણે બધા આ જ ઈચ્છતા હતા. સુષ્મા એ કહ્યું કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત સરકાર કરતારપુર કોરિડોર ખોલવા માટે પાકિસ્તાનને આગ્રહ કરી રહ્યું હતું. ત્યારે હવે પાકિસ્તાને સરકારાત્મક પ્રતિક્રિયા આપી છે. તેનો મતલબ એ નથી કે તેના લીધે દ્વિપક્ષીય વાતચીત શરૂ થશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાન આજે નનકાના સાહિબમાં કોરિડરોનો શિલાન્યાસ કરવાના છે.

નવજોત સિંહ સિદ્ધુના કરતારપુર સાહિબ પર આપવામાં આવેલા નિવેદનો પર ધ્યાન અપાવા પર સુષ્મા સ્વરાજે કહ્યું કે આ કોઈ એક વ્યક્તિની કોશિષ નહોતી. આ સરકાર ટુ સરકાર સ્તર પર કોશિષ હતી. નિર્ણય સરકારના સ્તર પર થાય છે કોઈ ખાનગી વ્યક્તિના નહીં.

પંજાબના સીએમ અમરિંદર સિંહે પાકિસ્તાનમાં કરતારપુર કોરિડોરના શિલાન્યાસ પર નહીં જવાના નિર્ણય અને તેમના મંત્રી સિદ્ધુનું પાકિસ્તાન જવાના નિર્ણય પર સુષ્મા એ કહ્યું કે તેના પર કૉંગ્રેસે જ પ્રતિક્રિયા આપવી જોઈએ. આખરે કેમ તેમના મંત્રી પાકિસ્તાન ગયા.



દેશમાં જીએસટી લાગુ થયા બાદ સુરતના ટેક્સટાઈલ્સ ઉદ્યોગમાં મહિલાઓની રોજગારીમાં ઘટાડો થયો હોવાની વ્યાપક ફરિયાદ સત્યતાની જાત તપાસ કરવા કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રાલયની સમિતિમાં નિયુકત ૩૦ મહિલા સાંસદો ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રી સંલગ્ન એકમોની મુલાકાત લઈ મહિલાઓની રોજગારી અંગે જાત તપાસ કરી ટેક્સટાઈલ મંત્રાલયને અહેવાલ સુપરત કરાશે.

ગોળીબારન મુખ્ય હેતુ સ્થિતી તંગ કરવાનો છે

૨૦૧૮માં પાકિસ્તાન તરફથી ૮૦૦થી વધુ વખત ગોળીબાર

પાકિસ્તાની ગોળીબારમાં મોટી સંખ્યામાં લોકોના મોત થઇ ચુક્યા : સેનાના કઠોર વલણના કારણે સ્થિતી સુધરી

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે પણ હજુ સુધી આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાના ઓપરેશન ઓલઆઉટના કારણે ત્રાસવાદીઓમાં ખળભળાટ મચી ગયો છે. ત્રાસવાદનો ખાત્મો થવા આવ્યો છે ત્યારે વધુને વધુ ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના હેતુથી સરહદ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. આના કારણે સરહદ સ્થિતી પણ તંગ રહી છે. આંકડાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૮માં હજુ સધી ૮૦૦ વખત ગોળીબાર કરવામાં આવ્યો છે. જેમાં ૫૦થી વધારે લોકોના મોત થઇ ચુક્યા છે.જેમાં જવાનો પણ સામેલ છે.ગોળીબારની ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે. સરહદ ઉપર પાકિસ્તાને તેની હરકતો જારી રાખી છે અને બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર જારી રાખ્યો છે. બીએસએફની જવાબી કાર્યવાહીથી હચમચી ઉઠેલા પાકિસ્તાને હાલમાં જ ગોળીબાર બંધ કરવા માટે અપીલ કરી હતી. જો કે, પોતે દુસાહસ કરીને ગોળીબારનો દોર જારી રાખે છે. આતંકવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘુસાડવાના હેતુસર આ કાર્યવાહી જારી રાખવામાં આવી છે.

આ વર્ષે સરહદપારથી ગોળીબારની ઘટનાઓ ૮૦૦થી પણ વધુ બની છે. પાકિસ્તાન તરફથી કરાયેલા આ ગોળીબારમાં ૨૫ સુરક્ષા કર્મીઓ સહિત ૫૦થી વધુ લોકોના મોત થયા છે તથા સેંકડો લોકો ઘાયલ થયા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન પર વિશ્વાસની બાબત બિલકુલ યોગ્ય દેખાઈ રહી નથી. રમઝાનમાં પણ પાકિસ્તાને પોતાની હરકતો યથાવત રાખી છે.

સાર્ક સંમેલનમાં ભાગ લેવા

પાકિસ્તાનના આમંત્રણનો પીએમ મોદીએ અસ્વિકાર કર્યો

નવીદિલ્હી

પાકિસ્તાન તરફથી સાર્ક સમિટમાં શામેલ થવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલવામાં આવ્યુ હતુ. પરંતુ ભારત સરકારે પાકિસ્તાનના આ પ્રસ્તાવને ઠુકરાવી દીધુ છે. મહત્વની વાત છે કે મંગળવારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યુ હતુ કે સાર્ક સમિટમાં શામેલ થવા માટે ભારતને આમંત્રણ મોકલશે પરંતુ ભારતે પાકિસ્તાનને મોટો ઝટકો આપીને તેમના પ્રસ્તાવને ઠુકરાવી દીધુ છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ડૉ. મોહમ્મદ ફેસલે મંગળવારે કહ્યુ છે કે તેમનો દેશ ભારતના પીએમ નરેન્દ્ર મોદીને સાર્કસમિટ માટે આમંત્રણ મોકલશે. ૨૦માં દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સહયોગક સંઘ (સાર્ક) સંમેલનનું આયોજન આ વર્ષે પાકિસ્તાનમાં થવાનું હતુ પરંતુ ભારત, બાંગ્લાદેશ, ભૂટાન અને અફઘાનિસ્તાને આ સમિટમાં શામેલ થવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ આ સંમેલન રદ કરવુ પડ્યુ હતુ. તમને જણાવી દઈએ કે સાર્કમાં દક્ષિણ એશિયાના આઠ દેશ સભ્યો છે. આમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, નેપાળ, માલદીવ, પાકિસ્તાન અને શ્રીલંકા છે. છેલ્લુ સાર્ક શિખર સંમેલન ૨૦૧૪માં કાઠમંડૂમાં આયોજિત કરવામાં આવ્યુ હતુ.

અંકલેશ્વરમાંથી શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમનો આરંભ કરાયો

મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા કાર્યક્રમનો શુભારંભ

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતેથી જિલ્લા કક્ષાના શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરાઈ હતી.

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે સવારે ૯.૩૦ કલાકથી જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ આરોગ્ય કાર્યક્રમનો શુભારંભ મંત્રી ઈશ્વરસિંહ પટેલે કરાવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરની શાળાઓના વિદ્યાર્થીઓની તબીબી ચકાસણી હાથ ધરાશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સ્થિત ડાયમંડ ચિલ્ડ્રન્સ તિયેટર ખાતેથી શરૂ થયેલા આ કાર્યક્રમ અંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે આજના બાળકો જ આવતીકાલના શ્રેષ્ઠ ભારતનાં નિર્માણના શિલ્પી છે. ત્યારે તેઓના આરોગ્ય અંગે સરકાર કોઈ લાપરવાહી દાખવવા માંગતી નથી અને આ અભિયાન થકી આવતી કાલની પેઢી સ્વસ્થ અને સુદૃઢ બને એની કામગીરી હાથ ધરાય છે.

નવસારી જિલ્લામાં ત્રણ લાખથી વધુ બાળકોના આરોગ્યની તપાસ

આરોગ્ય તપાસ કાર્યક્રમનો આરંભ કરાવતા મંત્રી ઈશ્વરભાઈ પટેલ

નવસારી

શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નવજાત શીશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો ધોરણ-૧ થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા બાળકો આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના બાળકો ૪ ડી પ્રમાણે આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં નવસારી જિલ્લાના ૩૦૫૩૦૮ જેટલા બાળકોની આરોગ્ય તપાસણી કાર્યક્રમનો ચોવીસી ખાતેની સંદિપ દેસાઈ સ્કુલ ખાતે રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રી સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ, નિવાસી અધિક કલેકટર શ્રી કે.જે.રાઠોડ, ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી પિયુષ પટેલ ઉપસ્થિત રહયાં હતાં.

આ અવસરે રાજયના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે ઉપસ્થિત તમામને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, નવસારી જિલ્લામાં આજથી આંગણવાડીથી લઈ, ૧૮ વર્ષ સુધીના ધોરણ-૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ ખાનગી/સરકારી શાળાના બાળકો, શાળાએ ન જતા બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોના બાળકોની આરોગ્યની તપાસ અને સારવાર હાથ ધરાશે. તા.૧ લી ફેબ્રુઆરી સુધી શાળા આરોગ્ય સપ્તાહમાં આરોગ્ય તપાસણી સાથે જનજાગૃતિના કાર્યક્રમો હાથ ધરાશે.

નવસારી જિલ્લામાં ૧૪૯૪ આંગણવાડીના ૮૨૭૪૦ બાળકો, ૮૮૭ પ્રા.શાળાના ૧૪૫૮૯૯ વિદ્યાર્થીઓ, ૧૯૯ માધ્યમિક શાળાના ૬૫૭૫૪ વિદ્યાર્થીઓ અને અન્ય સંસ્થાઓના ૫૫૨૭ બાળકો અને શાળાને ન જતાં ૫૩૮૯ બાળકો મળી કુલ ૩૦૫૩૦૮ વિદ્યાર્થીઓને શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં આવરી લેવાશે. આરોગ્ય સપ્તાહ દરમિયાન ૧૬૨ ડોકટર્સ સહિત ૧૦૧૬૧ જેટલા આરોગ્યકર્મીઓ જોડાશે. અભિયાન દરમિયાન બાળકોની આરોગ્ય ચકાસણી ઉપરાંત જરૂર જણાશે ત્યાં સિવિલ હોસ્પિટલ કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ રોગોના નિષ્ણાંત ડોકટરો ધ્વારા સારવાર હાથ ધરાશે. બાળકોને હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર બિમારીમાં ઝડપી સારવાર મળી રહે તે માટે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે સારવાર વિનામૂલ્યે મળશે. મંત્રી શ્રી પરમારે વધુમાં જણાવ્યું હતું કે, સપ્તાહ દરમિયાન બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, શુધ્ધ પીવાનું પાણી, આરોગ્યપ્રદ ટેવો સાથે સંસ્કારોનું સિંચન થાય એવું આયોજન ઘડી કઢાયું છે. રાજય સરકારની આરોગ્યલક્ષી અનેક યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં બાળકોના આરોગ્યની ચિંતા કરી આરોગ્યની ચકાસણી કરી ભાવિ પેઢીને તંદુરસ્તી બનાવવા રાજય સરકાર પ્રયત્નશીલ છે. સમગ્ર દેશમાં જ નહી પણ વિશ્વમાં આપણા આરોગ્ય વિભાગની સેવા મોખરે રહી છે.

ધરપકડ કરવામાં આવેલી રેહાના ફાતિમાને બીએસએનએલેએ કરી સસ્પેન્ડ

કોચ્ચિ

સબરીમામલ વિવાદમાં ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં ધરપકડ કરાયેલી સોશિયલ એક્ટિવિસ્ટ રેહાના ફાતિમાને બીએસએનએલે સસ્પેન્ડ કરી દીધી છે. રેહાના ટેલિકોમ ટેક્નીશિયન તરીકે બીએસએનએલમાં કાર્યરત હતી. ગત મહિને સરબીમાલામાં ભગવાન અયપ્પા મંદિરની માસિક પૂજા માટે કપાટ ખૂલતાં પ્રવેશનો પ્રયાસ કરનારી રેહાનાની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. તેની પર પોતાના ફેસબુક પોસ્ટ દ્વારા કથિત રીતે ધાર્મિક ભાવનાઓ ભડકાવવાનો આરોપ છે.રેહાના ફાતિમા પર આરોપ છે કે તેઓએ ફેસબુક પોસ્ટ દ્વારા અયપ્પા ભક્તોની ભાવનાઓનું અપમાન કર્યું હતું. આ સંબંધમાં કોચ્ચિના પથાનામથિટ્ટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે મામલાની ગંભીરતા જોતા મંગળવારે રેહાના ફાતિમાને તેમના ઘરેથી ધરપકડ કરી લીધી. રેહાનાને ૨૯પછ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.રેહાના ફાતિમા આ વર્ષે માર્ચમાં પણ ન્યૂઝમાં આવી હતી. કોઝીકોડના એક પ્રોફેસરના નિવેદનના વિરોધમાં આવું થયું હતું. તે પ્રોફેસરે કહ્યું હતું કે મહિલાઓને પોતાના તરબૂચ જેવા સ્તનોને ઢાંકીને રાખવા જોઈએ. તેના વિરોધમાં રેહાનાએ એક ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો, જેમાં તે પોતાના સ્તનોને તરબૂચથી ઢાંકેલી જોવા મળી હતી. આ ફોટોને શેર કર્યા બાદ થોડાક જ કલાકોમાં ફેસબુકે રેહાનાને ટ્રોલ કરવા અને ધમકી આપવાને કારણે હટાવી દીધો હતો.રેહાના અય્યનથોલ પુલીકલી ટીમ, જે પારંપરિક ટાઈગર ડાન્સ કરે છે, તેની એકમાત્ર મહિલા સભ્ય પણ રહી ચૂકી છે. આ ડાન્સ માત્ર પુરુષ દળ કરે છે. ત્યારે તેઓએ મનોરમા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, તે એવા સ્થળે પફોર્મ કરવા માંગે છે જ્યાં પુરુષોની બોલબાલા હોય. ૨૦૧૪માં તેઓએ કેરળમાં મોરલ પુલિસિંગના વિરોધમાં ચાલી રહેલ કિસ ઓફ લવ કેમ્પેનમાં પણ ભાગ લીધો હતો.

સિદ્ધુની પંજાબના જ સીએમ અમરિન્દર સિંહે જ આકરી ટીકા કરી

કરતારપુર કોરિડોર ખોલવાના અહેવાલોની સાથે જ તેને સંલગ્ન રાજકારણમાં અને વિવાદ પણ ગરમાવા લાગ્યો છે

ચંડીગઢ

કરતારપુર કોરિડોર ખોલવાના અહેવાલોની સાથે જ તેને સંલગ્ન રાજકારણમાં અને વિવાદ પણ ગરમાવા લાગ્યો છે. પાકિસ્તાને ૨૮ તારીખના રોજ આ માટે થનારા સમારોહમાં ભારત તરફથી સુષમા સ્વરાજ, અમરિન્દર સિંહ અને નવજોત સિંહ સિદ્ધુને બોલાવ્યાં હતાં. સુષમા અને અમરિન્દર સિંહે તો ના પાડી દીધી પરંતુ સિદ્ધુ પહોંચી ગયાં. તેમના ત્યાં જવા પર ફરી એકવાર સવાલો ઉઠવા લાગ્યાં છે. પહેલેથી જ ખબર પડી ગઈ હતી કે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંહ અને તેમના મંત્રી નવજોત સિંહ સિદ્ધુ વચ્ચે આ અંગે મોટી ખેંચતાણ છે.

અમરિન્દર સિંહે કહ્યું હતું કે જે દેશના આતંકીઓ આપણા સૈનિકોને મારી રહ્યાં છે ત્યાં હું જઈ શકું નહીં. હવે તેમણે પોતાના જ મંત્રીના પાકિસ્તાન જવા પર આકરો વિરોધ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે મેં મારું સ્ટેન્ડ જણાવી દીધુ હતું કે હું જઈશ નહીં. જ્યારે તેમના પાકિસ્તાન જવાનો કાર્યક્રમ મારી મંજૂરી માટે મારી પાસે આવ્યો તો મેં કહ્યું કે તેઓ આ અંગે ફરીથી વિચાર કરે. જ્યારે મેં તેમને મારા વિચારો અંગે જણાવ્યું તો તેમણે કહ્યું કે તેઓ પાકિસ્તાન જવાનું વચન આપી ચૂક્યા છે. તેમણે કહ્યું કે આ તેમનો અંગત પ્રવાસ છે. જો કે તેમણે એમ પણ કહ્યું હતું કે એમપીમાં પ્રચાર બાદ તેઓ આ અંગે વાત કરશે. પરંતુ ત્યારબાદ તેમણે હજુ સુધી કશું જણાવ્યું નથી. હું આમ પણ કોઈને પાકિસ્તાન કે અન્ય દેશ જવાથી રોકી શકું નહીં, આ તેમનો અંગત પ્રવાસ છે.

પાકિસ્તાનના કરતારપુર સ્થિત ગુરુદ્વરા દરબાર સાહિબને ભારતના ગુરુદાસપુર જિલ્લામાં સ્થિત ડેરા બાબા નાનક સાથે જોડનારા અને જેની ખુબ આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી કે કોરિડોરનો ઈમરાન ખાન શિલાન્યાસ કરશે. આ થવાથી ભારતીય સિખ શ્રદ્ધાળુઓ વિઝા વગર અવરજવર કરી શકશે. પાકિસ્તાનમાં કરતારપુર સાહિબ રાવી નદીને પાર ડેરા બાબા નાનકથી લગભગ ચાર કિલોમીટર દૂર છે. સિખ ગુરુએ ૧૫૨૨માં તેને સ્થાપિત કર્યો હતો.

મધ્યપ્રદેશ અને મિઝોરમમાં સઘન સુરક્ષા વચ્ચે વોટિંગ : ભારે ઉત્સાહ

મધ્યપ્રદેશમાં ૨૮૯૯ અને મિઝોરમમાં ૨૦૯ ઉમેદવારોના ભાવિ મતદાન સાથે ઈવીએમમાં : શિવરાજ જીતનો ચોગ્ગો લગાવશે કે કેમ તે અંગે સસ્પેન્સ

નવી દિલ્હી

મધ્યપ્રદેશ અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. બંને રાજ્યોમાં શરૂઆતથી જ મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારન ઉપયોગ કરવા માટે બહાર નિકળ્યા હતા. શરૂઆતમાં જ બંને રાજ્યોમાં સ્થાપિત કરવામાં આવેલા મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. સવારે શરૂઆતના કલાકોમાં જ ૧૫ ટકાથી વધુ મતદાન થઈ ગયા બાદ મતદાનની ટકાવારી ખુબ ઉંચી જાય તેમ માનવામાં આવે છે. મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે પણ તેમના મતાધિકારનો ઉપયોગ શરૂઆતમાં જ કર્યો હત. કેટલાક બુથ પર ઈવીએમ ખરાબ થયા હોવાની ફરિયાદ ઉઠી હતી. મધ્યપ્રદેશમાં ૨૩૦ સીટો પૈકી ત્રણ પર સવારે સાત વાગે મતદાનની શરૂઆત થઈ હતી. મધ્યપ્રદેશમાં મતદાનની સાથે જ ૨૮૯૯ ઉમેદવારોન ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આવી જ રીતે મિઝોરમમાં ૪૦ વિધાનસભા બેઠકો માટે મતદાનની શરૂઆત થયા બાદ મેદાનમાં રહેલા તમામ ૨૦૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મધ્યપ્રદેશમાં ૫.૦૪ કરોડ અને મિઝોરમમાં ૭૭૦૩૯૫ મતદારો પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે શરૂઆતથી જ ઉત્સુક



દેખાયા હતા. છત્તિસગઢમાં આ પહેલા ચૂંટણીના બંને તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ ચૂંટણી પંચ મધ્યપ્રદેશ અને મિઝોરમમાં પણ ઉંચા મતદાનની ખાતરી કરવા માટે તમામ તૈયારી કરી હતી. મધ્યપ્રદેશમાં કુલ પાંચ કરોડ ચાર લાખ ૯૫ મતદારો પૈકી લાખો મતદારો તો શરૂઆતમાં પણ મતદાન કરવા માટે ઉત્સુક દેખાયા હતા. આ વખતે મધ્યપ્રદેશમાં ભાજપે સૌથી વધારે તમામ ૨૩૦ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસે ૨૨૯ અને બહુજન સમાજવાદી પાર્ટીએ ૨૨૭ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. મતાદન બાદ તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. પૂર્વ પ્રધાન અરૂણ યાજવ આ વખતે મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચોહાણની સામે ચૂંટણી મેદાનમાં છે. મધ્યપ્રદેશમાં સોમવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મધ્યપ્રદેશમાં ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન આ વખતે અનેક સંવેદનશીલ મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશમાં શાસનવિરોધી પરિબળો મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સામે તકલીફ ઉભી કરી શકે છે. છેલ્લા ત્રણ અવધિથી શિવરાજસિંહ છે આવી સ્થિતિમાં કોંગ્રેસની સ્થિતિ સારી દેખાઈ રહી છે.મધ્યપ્રદેશ અને મિઝોરમમાં એક જ તબક્કામાં મતદાન થયા બાદ રાજસ્થાન અને તેલંગાણામાં મતદાન થશે. આ બંને રાજ્યોમાં ૭મી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. રાજસ્થાનમાં ૨૦૦ અને તેલંગાણામાં ૧૧૯ વિધાનસભા સીટો માટે મતદાન થશે. તમામ પાંચ રાજ્યોની મતગણતરીની પ્રક્રિયા ૧૧મી ડિસેમ્બરના દિવસે યોજાશે. મિઝોરમની વાત કરવામાં આવે તો અહીં ૭૭૦૩૯૫ મતદાર પૈકી મોટા ભાગના મતદારો ભારે ઉત્સાહિત દેખાયા હતા. મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટી હાલ સત્તામાં છે. ૨૦૦૮ બાદથી મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર છે.

નર્મદા જીલ્લાના તિલકવાડા ખાતે સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો



રાજપીપળા : ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય ભાવનગર દ્વારા નર્મદા જીલ્લાના તિલકવાડા ગામ ખાતે ગામે ગામ લોકો ને સ્વાસ્થ્ય સબંધે જાણકારી મળે અને કિશોરાવસ્થા યુવાન અને યુવતીઓ ને માં પણ જરૂરી માહિતી મળે તે હેતુ થી એક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો

નર્મદા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલ, આર.સી.એચ.ઓ ડો.દિનેશ બારોટ, સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટર ફોર હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ના ડાયરેક્ટર ડો.બક્ષી, ડો.વિમલ બુચ, તિલાકવાળા તાલુકા આરોગ્ય અધિકારી ડો.સુબોધ, તિલાકવાળા સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો.રંજન, તેમજ મેડિકલ ઓફિસર ડો.રશ્મિ, તેમજ સંકલન બાળ વિકાસ યોજના ના અધિકારીની વિશેષ ઉપસ્થિતિોજાઈ ગયો

આ કાર્યક્રમ ને દીપ પ્રાગટ્ય કરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલ તથા મેડિકલ ઓફિસર ડો.રશ્મિ, એ ખુલ્લો મુક્યો હતો.આ કાર્યક્રમ ના ભાગ રુપેજ આ તિલકવાડા ગામે એક સ્વાસ્થ્ય જાગૃતિ રેલી પણ કાઢવામાં આવી આ રેલીમાં લગાવાયેલા બેનર અને બાળકો દ્વારા કરતા સુત્રોચાર દ્વારા ગામ લોકો ને સરકાર ની વિવિધ સ્વાસ્થ્ય ને લગતી યોજનાઓ અંગે જાગૃત કરાયા સાથેજ કાર્યક્રમ સ્થળે લગાવાયેલા ચિત્ર પ્રદર્શન દ્વારા પણ ગામ લોકો સ્વાસ્થ્ય સબંધે જાણકારી આપી તથા આંગણવાડી બહેનો દ્વારા ગામ ની મહિલાઓ ને સ્વાસ્થ્ય સબંધે જાણકારીઆપી પ્રશ્નોતરી કરી ગામ લોકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા

ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય ભાવનગર ના અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે આ કાર્યક્રમ થકી લોકોમાં સ્વાસ્થ્ય અંગે જાણકારી આવી હોય તેમ આ જિલ્લાના નાના ગામડાઓમાં લોકો સ્વાસ્થ્ય અંગે જાગૃત થયા છે અને બાળ મરણ અને માતા મરણ અટક્યા છે

R.C.H.O ડો.દિનેશ બારોટે કુપોષણ અંગે નર્મદા જિલ્લા અને તેના ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિને વર્ણવી હતી સાથેજ માતા તેમજ બાળ મૃત્યુ દરને ઘટાડવા માટે આરોગ્ય વિભાગ દ્વારા કરતી કામગીરીની માહિતી પૂરી પાડી હતી.

જુદા- જુદા સ્થળો પર જુગાર રમતા ૫ ઝબ્બે

સુરત

કામરેજ તથા ઉમરપાડા ખાતે ગોળ કુંડાળું વાળીને જુગાર રમતા જુગારીઓની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે ત્રણેક હજારની રોકડ રકમ, સ્લીપ, પાનાની કેટ કબજે કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ-કઠોર ગામની ટાંકી ફળિયામાં ગોળ કુંડાળુવાળી તીનપત્તીનો જુગાર રમતા જયેશ ધનજીભાઈ સુરતી, અશોકભાઈ પરમાર કાંતિભાઈ માધુભાઈ સોલંકીની પોલીસે ધરપકડ કરી હતી. કામરેજ પોલીસે દાવ પરના રોકડા અંગ જડતી તથા ગંજીપાનાની કેટ કબજે કરી કુલ્લે ૧૮૦૦ રૂા.નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ઉમરપાડા તાલુકાના કેવડી ગામના બજારમાં આરોપી ગુલાબભાઈ વસાવા મુંબઈ વરલી-કલ્યાણ બજાર પરના આંકડાઓ પર જુગાર રમાડતા હતા. પોલીસને બાતમી મળતા ઉમરપાડા પોલીસ મથકના હિંમતસિંહ દલપતસિંહે દરોડા પાડી ડુપ્લિકેટ સ્લીપો, કાર્બન પેપર, બોલપેન, મોબાઈલ ફોન ૫૭૦ રૂા. રોકડા મળી કુલ્લે ૧૦૭૦નો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હતી.

રાજદ્રોહના કેસમાં કોર્ટમાં હાજરી મુક્તિ માટે હાર્દિક પટેલના વકીલનો રિપોર્ટ

અદાલત આગામી તા. ૧૬મી ડિસેમ્બરે ટ્રાયલ શરૂ કરશે

સુરત

અમરોલી પોલીસ મથકના રાજદ્રોહના કેસમાં આજે હાર્દિક પટેલ કોર્ટમાં હાજર નહીં રહેતા તેમના બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ હાજરી મુક્તિનો રિપોર્ટ આપ્યો હતો. જોકે હવે પછી ટ્રાયલ કેસની સુનાવણી આગામી ૧૭મી ડિસેમ્બરના રોજ હાથ ધરાશે.

પાટીદાર આંદોલન દરીમયાન મોટા વરાછા ક્રિષ્ણા રેસિડેન્સી ખાતે પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. અમરોલી પોલીસ મથકમાં ડીસીબી મકરંદ ચૌહાણે હાર્દિક પટેલે સામે ફીરયાદ દાખલ કરી હતી અને તે વખતના ડીસીબી પીઆઈ જે.એચ. દહીયાએ તેની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. ૨૭૦ દિવસ પછી તે લાજપોર જેલમાંથી જામીન પર છૂટયો હતો. ડીસીબીએ તેની સામે ચાર્જશીટ રજૂ કરી હતી. અને આ કેસની ટ્રાયલ ચાલવા પર આવી છે. આજે આ કેસની સુનાવણી હાથ ધરાનાર હતી, પરંતુ હાર્દિક પટેલ કોર્ટમાં હાજર ન રહેતા તેમના એડવોકેટ યશવંતસિંહ વાળાએ તેમના એડવોકેટ યશવંતસિંહ વાળાએ હાજરી મુકિતો રિપોર્ટ આપ્યો હતો.

અંકલેશ્વર ખાતે એમ.એસ.એમ.ઈ. અને વ્યક્તિગત લોન અંગેનો સેમિનાર નીતિ આયોગના સેક્રેટરી આર.પી.ગુપ્તાના અધ્યક્ષસ્થાને યોજાયો

ઉધોગો એ દેશના વિકાસનું કરોડરજ્જુ છે, ઉધોગના વિકાસ થકી દેશના અર્થતંત્રને વેગ મળશે

ભરૂચ : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉધમના પ્રોત્સાહન માટે www.psbloansin59minutes.com ના પોર્ટલનું તા.૨ જી નવેમ્બરે રાષ્ટ્રીયકક્ષાએ ઉદઘાટન માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પોર્ટેલની વિસ્તૃત જાણકારી આપવા માટે આજરોજ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. ખાતે નીતિ આયોગના સેક્રેટરી આર.પી.ગુપ્તાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સમારંભના અધ્યક્ષસ્થાનેથી નિતિ આયોગના સેક્રેટરી આ ર . પી . ગુ પ્ત ા એ એમ.એસ.એમ.ઈ.ની વિસ્તૃત માહિતી આપતાં કહ્યું હતું કે, લઘુ અને મધ્યમ ઉદ્યોગને શીઘ્રતાથી અને સરળતાથી રૂા.૧ કરોડ સુધીની લોન માત્ર ૫૯ મિનિટમાં ઓનલાઈન મેળવી શકાય તે માટે આ પોર્ટેલનું લોકાર્પણ થયું છે. આ પોર્ટલ ધ્વારા લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે કાનૂનનું અનુપાલન સરળતાથી થાય તેમજ લઘુ અને મધ્યમ ઉદ્યોગોના કર્મચારીઓને સુરક્ષાનો લાભ મળી શકશે. તે અંગેની યોજનાઓને પણ આવરી લેવામાં આવે છે. તેમણે ઉદ્યોગો એ દેશના વિકાસનું કરોડરજ્જુ છે. ઉદ્યોગોના વિકાસ થકી દેશના અર્થતંત્રને વેગ મળશે તેમ જણાવી કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવતી વિવિધ સબસીડીની પણ માહિતી આપી હતી.

વધુમાં જણાવ્યું હતું કે, આ માધ્યમથી ઉદ્યોગ સાહસિકોને ખુબ જ સારૂ પ્લેટફોર્મ પુરૂ પાડેલ છે ત્યારે કોઈ પણ પ્રકારના ધંધા રોજગાર માટે લોન લેતા પહેલાં તાલીમ-જરૂરી માર્ગદર્શન મેળવી યુવા વર્ગને ઉદ્યોગક્ષેત્રે લઘુ ઉદ્યોગ - મધ્યમ ઉદ્યોગમાં આગળ વધવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેક્ટર રવિકુમાર અરોરાએ એમ.એસ.એમ.ઈ. સપોર્ટેડ પોર્ટલ અંગે કોઈ પણ પ્રકારની મુશ્કેલી અંગે સંપર્ક કરવા જણાવેલ. એમ.એસ.એમ.ઈ.ના ડાયરેક્ટર ડી.કે.માદમે એ મ . એ સ . એ મ . ઈ . પોર્ટલની વિસ્તૃત માહિતી આપી હતી. દિલ્હી નીતિ આયોગના સેક્રેટરી આર.પી.ગુપ્તાએ જણાવ્યું હતું કે, ભારત સરકારે અર્થતંત્રને મજબૂત બનાવવા માટે લીધેલા પગલાંની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના પ્રોત્સાહન માટે શરૂ કરવામાં આવેલ પોર્ટેલની વિસ્તૃત માહિતી આપતાં ટ્રેડ્સ પોર્ટલ, મુદ્રા યોજના, સ્ટેન્ડપ ઈન્ડિયા ય ા જ ન ા , સી.જી.ટી.એમ.એસ.ઈ. વિશે પણ માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે બેન્ક ઓફ બરોડાના સિનિયર મેનેજર પૂર્વીન પાનવાલા સહાયક મહાપ્રબંધક આર.વી.ગૌતમ તથા જિલ્લા ઉદ્યોગકેન્દ્રના અધિકારી ધ્વારા જરૂરી પ્રેઝન્ટેશન તથા બેન્ક - ઉદ્યોગોને લગતી ઉપયોગી માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે જે ઉદ્યોગકારોની લોન મંજૂર થયેલ તેઓને મહાનુભાવોના હસ્તે મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના ઉ પ મ હ ા પ્ર બ ં ધ ક એસ.કે.મોહંટી, બેન્ક ઓફ બરોડાના ઉચ્ચ અધિકારીગણ અને સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગના સંચાલકો - યુવાવર્ગ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ૨૭ દિવસમાં ૩ લાખથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા

કેવડિયા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકર્પણ બાદ ૩ લાખથી વધુ પ્રવાસીઓએ માત્ર ૨૭ દિવસામાં મુલાકાત લીધી છે. પ્રવાસીઓને આકર્ષવા માટે તંત્ર દ્વારા પણ વિશેષ સુવિધાઓ અહી ઉભી કરવામાં આવી છે. બોટિંગ રિસોર્ટ દ્વારા બોટ શરૂ કરાતા. પ્રવાસીઓએ બોટિંગની મજા માણી હતી.

અહીં પ્રવાસીઓ માટે સરકાર દ્વારા બે થી ત્રણ એજન્સીઓને હાયર કરી પેકેજ ટુરની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મહત્વનું છે કે માત્ર ૪ દિવસામાં ૧૫૦૦થી વધુ પ્રવાસીઓએ બોટિંગની મજા માણી આનંદની લાગણી વ્યક્ત કરી છે. આપને જણાવી દઈએ કે, વડોદરાના ડો.રાજેન્દ્રસિંહ રાઠોડ અને દુષ્યંતસિંહ પી રાઉલજી દ્વારા આ બોટિંગ શરૂ કરવામાં આવેલ છે. જે શરૂ થયાને આજે ૪ દિવસ થયાં છે જેમાં ૧૫૦૦ થી વધુ પ્રવાસીઓએ બોટિંગ કરી સરદાર સરોવરમાં ફરવાની મઝા માણી હતી. હાલ નર્મદે હર બોટિંગ રિસોર્ટ દ્વારા બે બોટો મુકવામાં આવી છે. જેમાં ૧ બોટ ૧૫૦ પ્રવાસીઓની કેપેસીટી વાળી છે અને બીજી ૭૦ પ્રવાસીઓની કેપેસીટી વાળી છે. સમય થતાં પ્રવાસીઓની આવકને જોઈ બીજી પણ બોટો લાવવામાં આવશે. હાલ એજન્સીના માલિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. પ્રવાસીઓ ને મહારાષ્ટ્ર ની બોર્ડર સુધી લઈ જવાશે, લગભગ ૩૦ થી ૪૦ કિમિ સુધી એક કલાક નો ફેરવવામાં આવશે.

પ્રવાસીઓને આ બોટિંગ પોઈન્ટ પર જવા એ ફેમના ચેકીંગ પોઈન્ટ પર જવાનું રહેશે અને જ્યાં નર્મદે હર બોટિંગ રિસોર્ટ દ્વારા એક પોતાની બસ મુકવામાં આવી છે. જે બોટિંગ પોઈન્ટ સુધી લઈ જશે અને બોટિંગ બાદ પુનઃ છોડી જશે જેનો કોઈ ચાર્જ લેવાશે નહીં.

સુરત-મુંબઈ રફની સપ્લાઈ કરવા માટે ઝિમ્બાબ્વે સરકાર આયોજન હાથ ધરે

સુરત

સુરતની મુલાકાતે આવેલા ઝિમ્બાબ્વેના ડેપ્યુટી કોમર્સ મિનિસ્ટર રાજેશકુમાર મોદીએ જીજેઈપીસી ગુજરાત સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં જીજેઈપીસીના રીજયોનલ ચેરમેન દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેથી આવતી રફ સુરત-મુંબઈમાં મોંઘી પડતી હોવાથી ડાયમંડ કંપનીઓ ખરીદી કરી શ કતા નથી. ઝિમ્બાબ્વેની સરકારે મુંબઈ અને સુરતમાં રફ ડાયમંડ સીધા મળે તે માટે આયોજન કરવું જોઈએ. કાઉન્સિલે રશિયા અને ઝિમ્બાબ્વેથી સીધી રફ મળે તે માટે ભારત સરકારને ટેક્ષ સ્ટ્રકચરમાં સુધારો કરવા રજુઆતો કરી છે. ઝિમ્બાબ્વે રફ માટે સુરતમાં અનુકુળ ટેકનોલોજી છે. જો રફની કિંમત ઘટાડવામાં આવે તે બંન્ને દેશના ઉદ્યોગકારો અને સરકારને લાભ થઈ શકે તેમ છે. ઝિમ્બાબ્વેમાં સોલીટેર એટલે કે, જાડા હીરા રફ રૂપે મળે છે. જેની વિશ્વમાં ડિમાંડ છે. પરંતુ તેની કિંમત મોંઘી હોવાથી ભારતની ડાયમંડ કંપનીઓ ઓકશનમાં તેની ખરીદી કરી શકતા નથી. ઝિમ્બાબ્વે સરકાર દ્વારા ભારતીય એસોર્ટર પાસે હીરાનું વેલ્યુએશન કરાવવું જોઈએ. જેથી માર્કેટ પ્રાઈસ પર તેનો વેપાર થઈ શકે.

લગ્નના પ્રલોભનમાં વિધવા મહિલા પર અનેકવાર બળાત્કાર કરી યુવાન ફરાર

મહિલા અને પુત્રને ધમકી આપી યુવક ચાર મહિનાથી વતન ભાગી ગયો

સુરત

પુણા વિસ્તારની વિધવા મહિલાને લગ્ન કરવાની લાલચ આપી અવાર નવાર દુષ્કર્મ કરી છેલ્લા ચાર માસથી યુવક યુ.પી. વતન ફરાર થઈ ગયો હતો.

યુ.પી. પ્રતાપગઢ બાબુગંજનો વતની મુકુલ શંભુનાથ સરોજ પુણા ખાતે પીડિતા મહિલાની માતાના ઘરે રહેતો હતો. પીડિતાનો પતિ મૃત્યુ પામ્યો હોય, જેનો લાભ ઊઠાવી આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી અવાર નવાર દુષ્કર્મ કર્યો હતો ત્યારબાદ ફરિયાદી વિધવા મહિલાએ શરીરસુખની ના પાડતા આરોપીએ ફરિયાદી તથા તેના છોકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અવાર નવાર બળાત્કાર ગુજારી છેલ્લા ચાર માસથી વતન ભાગી ગયો છે. પૂણા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી પીએસઆઈ વી.જે. ચાવડાએ તપાસ હાથ ધરી છે. લગ્નની લાલચમાં વિધવા મહિલાનું શારીરિક શોષણ કરનાર વ્યકિત હાલ સુરતમાં હયાત નથી અને વિધવા મલિાઓ આરોપી વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવતા આરોપી વ્યીકતની પોલીસે શોધખોળ આદરી હોવાનું જાણવા મળે છે.

ભારતના ઋષિ મુનિઓના ચાર વેદ એટલે સ્વર્વેદ : સંત વિજ્ઞાન દેવજી

સુરત

ભારત ઋષિમુનિઓનો દેશ છે. ભારતમાંથી જ્ઞાનને ક્યારેય ગાયબ નહીં કરી શકાય. ભારત વિશ્વગુરૂ હતું અને વિશ્વગુરૂ રહેશે. ઋષિમુનિઓના ચાર વેદનો ભેદ એટલે સ્વર્વેદ. તેમાં યોગ દ્વારા માનસિક અને શારીરિક શાંતિ મેળવી શકાય છે. વિહંગમ યોગના પ્રચારક રામવૃક્ષદાસે આ શબ્દો સુરતમાં કહ્યા હતા.

વેસુમાં સ્વર્વેદની કથાનું આખ્યાન મંગળવારે યોજાયું હતું. આ પ્રસંગે વિહંગમ યોગ સંસ્થાનના રામવૃક્ષદાસે કહ્યું કે ઋષિ મુનિઓના દેશમાં આપણે પરંપરાને ઉજાગર કરતા આવ્યા છે. ત્યારે તેમના જ્ઞાનને ભારતમાંથી ગાયબ નહીં કરી શકાય. તેના પ્રચાર પ્રસાર માટે આધ્યાત્મિક રાજધાની વારાણસીમાં મંદિર બનાવાશે. આ મંદિરમાં ચાર વૈદનો ભેદ એકજ પુસ્તકમાં વર્ણન કરી સ્વર્વેદ સ્વરૂપે રખાશે. તેની રચના વિહંગમ યોગના સ્થાપક ઋષિ સદાફલદેવ મહારાજે કરી છે. જેના મુખ્ય ૩૧૩૭ દોહાને મારબલ મકરાણા પર અંકિત કરીને મંદિરની દિવાલો પર લગાવાશે. જેનો લાભ દેશ વિદેશની આવનારી પેઢી લેશે. સ્વર્વેદ કથા પણ છે અને યોગ પણ છે. તેમાં ચારે વેદના જ્ઞાનને સંકલિત કરી લોકબોલીમાં સમજાય તે રીતે રચના કરાઈ છે.

લેપટોપ ખરીદી પૈસા નહીં ચૂકતા ફરિયાદ

સુરત

ઉધના અરિહંત કોમ્પલેક્ષની આવેલ સનરાઈઝ ઈન્ફોટેકમાંથી રૂા. ૧.૩૦ લાખની કિંમતનું લેપટોપ ખરીદી આપેલ ચેક રીટર્ન થતા આજદિન સુધી લેપટોપ ખરીદનારે પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સનરાઈઝ ઈન્ફોટેક કંપનીવાળા સંદિપ કંછેરીલાલ ગુપ્તા પાસેથી આરોપી રાજુ (બેગમપુરા) કુલદીપ શર્માએ રૂપિયા ૧.૨૦ લાખનું લેપટોપ ખરીદી ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. ત્યારબાદ આ લેપટોપનું પેમેન્ટ નહીં ચૂકવી આરોપીઓએ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.

સુરતના વેપારી પાસેથી ૪ લાખની સાડી ખરીદી નાસિકના વેપારીઓ દ્વારા ઠગાઈ

છ વેપારીઓ સામે સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો દાખલ

સુરત

સુરતના વેપારી પાસેથી રૂા. ૪.૦૫ લાખની કિંમતની સાડી ખરીદી પેમેન્ટ નહીં ચૂકવનાર છ વેપારી સામે ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ. કે. રોડ શ્રમ સોસાયટીસમાં રહેતા પ્રવીણભાઈ મીરાભાઈ વાવડીયાએ આરોપી શ્રવણકુમાર મુરલીધર વૈષ્ણવ (નવાબવાડી) બેગમપુરા, દારાસિંગ રાઠોડ રાઠોડ (અષ્ટ વિનાયક, નાસિક) જીત પુરોહિત (અષ્ટ વિનાયક) છગન પુરોહિત (ઓમ ટેક્ષટાઈલ્સ, નાસિક), દયારામ, રમેશ સુખદેવ (મમતા સાડી સેન્ટર, નાસિક) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીને ૬૦ દિવસમાં પેમેન્ટ કરવાનો ભરોસો આપી કુલ્લે રૂપિયા ૪,૦૫,૫૫૨ કિંમતની તૈયાર સાડીઓ ખરીધ્યા બાદ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. ટેક્સટાઈલ્સ માર્કેટમાં ઉઠમણાનો દોર યથાવત રહેવા પામ્યો છે અને સલાબતપુરા પોલીસમાં વધુ છ વેપારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે નાસીકના છ વેપારીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

લગ્ન પ્રસંગ માં આવ્યા ત્યાં આખલાનો ભેટો થતા ભારે પડ્યું

રાજપીપળા શહેર માં ફરી રખડતા આખલા એ એક ને ભેટી મારતા ગંભીર ઈજા



રાજપીપળા : રાજપીપળા ના મુખ્ય માર્ગો પર વધતા રખડતા ઢોર નો ત્રાસ દિવસે દિવસે વધી રહ્યો છે જેના કારણે રાહદારીઓ અને ઘર પાસે પાર્ક કરેલા વાહનો ને તો નુકસાન પોંહચાડવુ સામાન્ય બની ગયું છે ત્યારે હવે આખલા રાહદારીઓ ને અડફટે લઈ ઈજા કરવાની ઘટના પણ વધતી જતા લોકો માં દર ફેલાયો હોય પાલિકા દ્વારા અગાઉ વારંવાર ઘણી જેહમત ઉઠાવી આ આતંક ફેલાવતા આખલાઓ પકડવાની કામગીરી કરાઈ હતી પરંતુ અમુક વિરોધ ઉઠતા પાલિકા એ પણ આ કામગીરી પડતી મુકતા હાલ રાજપીપળા શહેર ના માર્ગો ઉપર ફરી આખલાઓ ની ધમાલ વધી છે ત્યારે ગતરોજ બોડેલી થી રાજપીપળા લગ્ન માં આવેલા મકબુલભાઈ ખત્રી ને હરસિદ્ધિ માતાના મંદિર નજીક એક આખલા એ ભેટી મારતા એમના હાથે ફેક્ચર થયું હતું રાત દિવસ શહેર ના માર્ગો પર રખડતા જોવા મળતા ઢોર છાસવારે લોકો મેં શિકાર બનાવી ગંભીર ઈજા કરતા હોય ત્યારે લોક હિત માટે પાલિકા દ્વારા થતી ઢોર પકડ જુમ્બેશ માં લોકો એ સહકાર આપવો જોઈએ નહીં તો અન્ય શહેરો ની જેમ ક્યારેક કોઈનો ભોગ લેવાય શકે એમ છે જેમાં ખાસ કરીને સ્ટેશન રોડ દરબાર રોડ સહિતના માર્ગ પર રખડતા ઢોર દ્વારા થતું વાહનો ને નુકસાન અને લોકો ને અડફટે માં લેતા થતી ઈજાઓ ને ધ્યાને લઈ પાલિકા ની ટીમે ફરી આ ઝુમ્બેશ શરુ કરવી જરૂરી જણાય છે.

ભરૂચ એલ.સી.બી એ પ્રોહીબિશનના ગુનામાં નાસતો ફરતો બુટલેગર હનીફ ઉર્ફે અનું ઈમરાનશા દિવાનને ઝડપી પાડ્યો



ભરૂચ જીલ્લા પોલીસ રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ભરૂચ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સૂચના અને માર્ગદર્શન આપતા એલ.સી.બી પોલીસ ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.જે.ધ્રુક નાઓ ને સૂચના આપી હતી આ દરમ્યાન પી.એસ.આઈ એ.એસ.ચૌહાણ ને બાતમી મળી હતી કે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથક માં પ્રોહીબિશન નો વોન્ટેડ આરોપી હનીફ ઉર્ફે અન્નું ઈમરાનશા કરીમશા દીવાન રહે,રોટરી કલબ ની પાછળ મારવાડી નો ટેકરો ભરૂચ નો તેના ઘરે આવેલ હોય જે હકીકત ના આધારે પી.એસ.આઈ એ.એસ. ચૌહાણ તથા વાય.જી.ગઢવી પોતાની ટીમના માણસો સાથે તેના ઘરે પહોંચી જઈ ત્યાં હાજર પ્રોહીબિશન ના ગુનાનો વોન્ટેડ આરોપી મળતા તેને ઝડપી લીધો હતો અને એ ડિવિઝન પોલીસ મથક માં સોંપી તેના વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

ભરૂચમાં સોમવારની રાત્રીએ પ્લાયની ફેક્ટરીમાં આગ લાગતાં દોડધામ મચી હતી



ભરૂચના નેશનલ હાઈવે નંબર-૪૮ પર આવેલી અતિથિ રિસોર્ટની પાછળના ભાગે આવેલી પ્લાયની ફેક્ટરીમાં સોમવારના રાતે આગ લાગતાં ટેમ્પા સહિત અંદર રાખેલ લાકડાંની પ્લાયો બળીને ખાખ થઈ ગઈ હતી.

ભરૂચના વડદલા ગામની નજીક આવેલી રાજ પ્લાય નામની ફેક્ટરીમાં ગત સોમવારની રાત્રીના ૨ વાગ્યાના અરસામાં કોઈ કારણ સર ફેક્ટરીમાં આગ ભભૂકી ઉઠતાં ત્યાંના સ્થાનિકોમાં નાસભાગ મચી જવા પામી હતી.આગનું સ્વરૂપ એટલું ભયાનક હતું કે, આગમાં ફેક્ટરીમાં ઉભેલ ૪૦૭ ટેમ્પા સહિત લાકડાંની પ્લાયો બળીને ખાખ થઈ જવા ગઈ હતી.

આગની જાણ ભરૂચ નગરપાલિકા તથા જીએનએફસીના ફાયર વિભાગને કરવામાં આવતા બંનેવના લશ્કરોએ ઘટના સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં મોટું નુકસાન થયું હોવાની આશંકા લાગવાઈ રહી છે.

એનસીસી દ્વારા રાષ્ટ્રીય કક્ષાના એક વિરાટ ટ્રેક કેમ્પનું આયોજન



રાજપીપળા : નેશનલ કેડેટ કોર, જે એનસીસીના ટૂંકા નામે પણ ઓળખાય છે, તે ભારતના યુવાનો માટે સતત વિવિધ પ્રવૂત્તિઓનું આયોજન કરે છે. આ અંતર્ગત,રાષ્ટ્રીય કક્ષાના એક વિરાટ ટ્રેક કેમ્પનું આયોજન ગુજરાત ડિરેક્ટરેટ દ્વારા કરાયું છે, જેનું સંચાલન બરોડા ગ્રુપ દ્વારા તા. ૨૮ નવેંબરથી ૧૪ ડિસેમ્બર સુધી કરવામાં આવેલ છે જેમાં ગુજરાતની પાંચમી એનસીસી બટાલિયનના કમાંડિંગ ઓફિસર કર્નલ એસ. ફ્રાન્સિસ કાર્યરત છે.

કેમ્પનું નામ સરદાર પટેલ નેશનલ ટ્રેક હોઈ સંક્ષિપ્તમાં તે એસપીએનટી તરીકે પણ ઓળખાય છે.દિલ્હી, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તૈલંગાણા, કર્ણાટક, ગોવા, પંજાબ, હરિયાણા, હિમાચલ અને ચંડિગઢથી સો સો કેડેટ્સ અને ગુજરાતથી બસો કેડેટ્સ આ કેમ્પમાં ભાગ લેશે. આ કેમ્પના બેઈઝ કેમ્પનું સ્થળ એનીસી લીડરશીપ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ જીતનગર, રાજપીપળા છે. રાષ્ટ્રને અનેક રજવાડાઓ જોડીને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સમા લોહપુરુષનું નામ સંકળાયેલ હોય તેવા આ કેમ્પમાં રાષ્ટ્રના વિભિન્ન રાજ્યોમાંથી આવેલા જવાનો શારીરિક ચુસ્તી, સાહસિકતા અને રાષ્ટ્રીય એકાત્મતાના પાઠ શિખશે. પ્રથમ બેચને ફ્લેગ ઓફ કરાવવાનું કાર્ય ગુજરાત એનસીસી ડિરેકટરેટના એડિશનલ ડાયરેકટર જનરલ તરીકે પ્રવૃત્ત મેજર જનરલ રોય જોસેફના વરદ હસ્તે તા. ૩૦ નવેમ્બરના રોજ થશે. બીજા બેચને ફ્લેગ ઓંફ કરાવવાનું કાર્ય વડોદરા એનસીસી ગ્રુપના કમાન્ડર તરીકે પ્રવૃત્ત બ્રિગેડિયર ચરણદાપસિંડ, કે જેઓ સેના મેડલ ધારક છે, તેઓના વરદ હસ્તે તા.૯ ડિસેમ્બરના રોજ થશે. આ શિબિરમાં વિશ્વની સહુથી ઉંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતનો કાર્યક્રમ પણ આયોજિત કરાયો છે.

આ કેમ્પ દરમિયાન ભારતના એક વિરાટતમ પ્રોજેકટ નર્મદા પરિયોજના ધરાવતા દક્ષિણ ગુજરાતના કેવડિયા અને રાજપીપળા જેવા રમણીય સ્થળો ધરાવતા ઘનઘોર જંગલોમાં ટ્રેકંગ દરમિયાન એનસીસી કેડેટ્સ રમણ ભ્રમણ કરશે અને પર્યાવરણ અંગે જાગૃતતા કેળવવાની સાથે સાથે આ વિસ્તારની તેમજ ભારતના ભિન્ન ભિન્ન વિસ્તારોની સંસ્કૃતિ અંગે માહિતી મેળવશે.

નર્મદા માં લેન્ડલાઈન ની વધતી તકલીફ થી ફાયર અને પોલીસ વિભાગે હવે મોબાઈલ સેવા શરૂ કરવી જોઈએ

નર્મદા જિલ્લા માં છાશવારે મૂંગા થઈ જતા BSNL લેન્ડ લાઈન ના ડબલાથી મુસીબત ને આમંત્રણ

રાજપીપળા : નર્મદા જિલ્લા માં છેલ્લા એક વર્ષ થી મ્જીદ્વન્ની સેવા ખાડે જતા છાસવારે લેન્ડલાઈન ના ડબલા મૂંગા થઈ જતા ઈમર્જન્સી સમયે લોકો ને ભારે તકલીફ ઉભી થાય છે અને એના કારણેજ નર્મદા જિલ્લા માં મ્જીદ્વન્ના ગ્રાહકો પણ અડધા થઈ ગયા છે ત્યારે ખાસ તો ક્યાંક આગ લાગી હોય કે કોઈ પોલીસ મદદ માટે આ ડબલ બંધ આવતા લોકોને મુસીબત નો સામનો કરવો પડે છે જોકે રાજપીપળા ખાતે વીજ કંપની માં ફરિયાદ કેન્દ્ર પર આ તકલીફ ના કારણે વીજ કંપનીના અધિકારીઓ એ ફરિયાદ કેન્દ્ર પર એક અલગ મોબાઈલ ની વ્યવસ્થા કરતા ગ્રાહકો વીજળી બાબતે ની ફરિયાદ કે જાણકારી એ નંબર પર મેળવે છે

નર્મદા જિલ્લા ના પોલીસ મથકો કે પાલિકા ના ફાયર સ્ટેશન ઉપર આવી અલગ મોબાઈલ વ્યવસ્થા તંત્ર એ ગોઠવવી જોઈએ જેથી ઈમર્જન્સી સમયે ફરિયાદી કે અન્ય મુસીબત માં મુકાયેલા વ્યક્તિ એનો ઉપયોગ કરી તકલીફ થી બચી શકે નહિ તો લેન્ડલાઈન ના ભરોસે ક્યારેક આમ જનતા મુસીબત માં મુકાઈ શકે છે એમ જાગૃત નાગરિકો નું માનવું છે.

ભરૂચની નારાયણ વિદ્યાવિહારમાં ઝોન કક્ષાનો કલાઉત્સવ યોજવામાં આવ્યો



ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નારાયણ વિદ્યાવિહાર સ્કૂલ ખાતે મંગળવારના રોજ રાજ્યના દક્ષિણ ઝોન કક્ષાનો કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

લોક સંસ્કુતિ અને લોકકલાએ માનવ સંસ્કુતિનો ધબકાર હોવાથી લોકભોગ્ય અને ચેતનવંતો રાખવા માટે લોક કલાઓ અંગે એનસીઈઆરટી તથા એમએચઆરડી ન્યૂ દિલ્હી દ્વારા કલા મહાકુંભ રૂપે ક્લા ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.કલા ઉત્સવની ઉજવણી સમગ્ર રાજ્યમાં થઈ રહી છે. જેમાં આ વર્ષે રાજ્યના દક્ષિણ ઝોન કક્ષાનો કલાઉત્સવ ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીના ઉપક્રમે ૨૭ મી ઓક્ટોમ્બરના મંગળવાર ના રોજ નારાયણ વિદ્યાવિહાર ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં નૃત્ય કલા,ચિત્રકલા, હળવું કંઠ્ય સંગીત અને વાદ્ય સંગીત જેવી વિવિધ કલાઓમાં આઠ જિલ્લાઓ છોટાઉદેપુર, ભરૂચ,ડાંગ, તાપી, નર્મદા,વલસાડ, નવસારી, સુરતના વિદ્યાર્થીઓ પોતાની કલા અભિવ્યક્તિના લોકોને કરાવી મંત્રમુગ્ધ કર્યા હતાં.

કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો સહિત મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતાં.

રેશન દુકાનદારને દિલ્હી ફૂડ વિભાગના નામે રૂપિયા પડાવનાર ત્રણ ઝડપાયા

સુરત

કામરેજના સસ્તા અનાજની દુકાનદારોને દિલ્હી ફૂડ વિભાગના નામે ધાક-ધમકી આપી રૂા. ૩૩૦૦૦ પડાવી લેનારા એક મહિલા સહિત ત્રણ ઠગ લોકોને પોલીસે પકડી પાડયા છે. જયારે એક પોલીસના હાથમાંથી ભાગવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદના રહેવાસી મધુ બાલા સુરજભાન સિંગ તથા તેના સાગરિતો રણછોડભાઈ ધીરજલાલ ૪૧૨૮૨ રાજેશ કાંતિલાલ સૈની તથા સત્યેન્દ્રસિંહની સાથે મળી કામરેજ દેવનગરી ખાતે આવેલ સસ્તા અનાજના દુકાનદાર નિલેશભાઈ જયોતલાલ બંગાળી પાસે આવી પોતાની ઓળખ દિલ્હી ફૂડ વિભાગના અધિકારી તરીકે આપી હતી. આ ચારેય ટોળકીએ સસ્તા અનાજના ત્રણ દુકાનદારને ધાક-ધમકી આપી રૂા. ૩૩૦૦૦ પડાવી લીધા હતા. આ પૈકી કોઈક દુકાનદારે કામરેજ પોલીસને જાણ કરતા પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. પઢીયા સહિતનો પોલીસ કાફલો દોડતો થઈ ગયો હતો. પી.આઈ. પઢીયાએ મધુબાલા તથા તેના સાગરિક રણછોડ અને રાજેશને પકડી પાડવામાં આવ્યા હતા. જ્યારે સત્યેન્દ્રસિંહ પોલીસના હાથમાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

કામરેજ પોલીસે હાલ એક મહિલા સહિત ત્રણ લોકોની ધરપકડ આ બાબતે જિલ્લા કલેક્ટર, ગાંધીનગર, પુરવઠા વિભાગ અને દિલ્હી ફૂડ વિભાગને જાણ કરી આગળની તપાસ શરૂ કરી છે.

કોર્પોરેટરના પિતા મોહન સુમરાનો લાંચ પ્રકરણમાં જેલમાંથી છુટકારો

સુરત

સૈયદપુરા વિસ્તારમાં રહેતા એક બિલ્ડર પાસે રૂા.૭૫ હજારની લાંચ માંગવાના એક કિસ્સામાં ભાજપની મહિલા કોર્પોરેટર નેન્સીના પિતા મોહન સુમરાને જામીન પર છોડવાનો હુકમ અદાલતે કર્યો હતો. ગતરોજ જામીન અરજીની સુનાવણી બાદ બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ તથા વિરલ ચલીયાવાળાની દલીલોને ગ્રાહ્ય રાખી સાંજના સુમારે રૂા.૧૫ હજારના જમીન પર છોડવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ કેસની વિગતો એવી છે કે આજથી અઢી પોણા ત્રણ મહિના પહેલા સૈયદપુરા વિસ્તારના એક બિલ્ડર પાસે ગેરકાયદેસર બાંધકામ પેટે કોઈપણ અધિકારીની હેરાનગતિ નહીં થાય તેવી ખાતરી અને લાલચ આપી રૂા.૭૫ હજારની લાંચ ભાજપની મહિલા કોર્પોરેટર નેન્સી સુમરાના પિતા મોહન તથા પ્રિન્સ સુમરા દ્વારા માંગવામાં આવી હતી. રૂા.૨૫ હજાર એડવાન્સ પેટે આપવામાં આવ્યા.

તા.૩, ૪, ૫ ડિસેમ્બરના રોજ ભરૂચ નર્સિંગ સ્કુલ ખાતે દિવ્યાંગો માટેનો કેમ્પ યોજાશે

ભરૂચ જિલ્લાના દિવ્યાંગજનોએ કેમ્પનો લાભ લેવા અનુરોધ

ભરૂચ : ભરૂચ જિલ્લામાં એલીમ્કો ઉજજૈન તથા જિલ્લા વહીવટીતંત્ર ભરૂચ ધ્વારા વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગજનો માટેના સાધન સહાય અને વિતરણ માટેના આંકલન અને તપાસણી કેમ્પ તા.૦૩-૦૪-૦૫/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૯:૩૦ કલાકે નર્સિંગ સ્કુલ, સિવિલ હોસપિટલ - ભરૂચ ખાતે રાખવામાં આવેલ છે. તમામ દિવ્યાંગોએ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

જિલ્લાના દિવ્યાંગ ભાઈ - બહેનોને સાધન સહાય આપવા માટે નામ નોંધણી કરવામાં આવનાર હોઈ આ કાર્યક્રમમાં વધુ ને વધુ દિવ્યાંગોને લાભ લેવા આમંત્રિત કરવામાં આવે છે. આ કેમ્પમાં દિવ્યાંગ લાભાર્થી કે જેઓ ૪૦ ટકા કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ, આવકનો દાખલો, રહેણાંકના પુરાવા ન હોઈ તેઓને સ્થળ પર જ કાઢી આપવામાં આવશે. આ કેમ્પમાં નામ નોંધણી કરાયેલ દિવ્યાંગજનોને વ્હીલચેર, ટ્રાયસીકલ, ઘોડી, કેલીપર્સ, હીઅરીંગ એઈડ, વોકિંગ સ્ટીક, મોબાઈલ, ઈલેક્ટ્રીક મોટર સાયકલ, એમ.આર.કીટ વિ. દિવ્યાંગતાના પ્રકાર અને ટકાવારીના આધારે નામ નોંધણી કરવામાં આવશે તથા લાભાર્થીઓ માટે સમાજ સુરક્ષા ખાતાની અન્ય યોજનાઓ, દિવ્યાંગ શિષ્યવૃતિ, આધારકાર્ડ વિગેરેની માહિતી તથા ફોર્મ વિતરણ કરવામાં આવશે આથી જિલ્લાનાં તમામ દિવ્યાંગોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી - ભરૂચ અને બાળ સુરક્ષા કચેરી - ભરૂચનો સંપર્ક કરવો તથા ફોન નંબર: ૦૨૬૪૨ - ૨૬૩૮૨૩, ૦૨૬૪૨ - ૨૫૦૩૧૫ તેમજ નજીકના પી.એચ.સી / સી.એચ.સીનો સંપર્ક કરવા જણાવાયું છે

બહેન અને બનેવીને રહેવા માટે આપેલા ઘર પર કબજો કરી દેવાયો

સુરત

બેન-બનેવીને રહેવા માટે મકાન આપતા બોગસ દસ્તાવેજો બનાવી કોર્ટમાં ખોટી રીતે ફરિયાદ કરી મકાન ઉપર કબજો જમાવી દીધો હતો.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જહાંગીરપુરા દર્શન સોસાયટીમાં રહેતા જશવંતીબેન શાંતિલાલ પટેલે પોતાની બેન લક્ષ્મીબેન અમનભાઈ પટેલ, બનેવી અમન દુર્લભભાઈને અમરોલી વિશ્વનગર ખાતેનું મકાન નં. ૧૩૪ રહેવા માટે આપ્યુ હતું. આરોપીઓએ આ મકાનનો ખોટા દસ્તાવેજો બનાવી મકાન પચાવી પાડવા માટે ફરિયાદીને હેરાન પરેશાન કરી કોર્ટમાં ખોટી ફરિયાદ દાખલ કરાવી હતી. બનાવ અંગે અમરોલી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

તાડપત્રી તાડપત્રી તાડપત્રી તાડપત્રી

MONTEX® HOPE TARPAULIN Distributors of Gujarat

MONTEX ISI તાડપત્રી

Montex ISI Brand તાડપત્રી વાપરવાના ફાયદા

100% U.V. સ્ટેબીલાઈઝડ હોવાથી તડકામાં ખરાબ થતી નથી

લેમીનેશનની ફુલ ગેરેન્ટી, ૧૦૦% વોટર પ્રુફ, વજનમાં હલકી

છુટક તથા હોલસેલ ભાવે મેળવવાની એક માત્ર

દુકાન South Gujaratના ઓથોરાઈઝડ ડીલર

રઘુવંશી ટ્રેડર્સ

V. N. Patel 9727948888
H.V. Patel 97279 53333

નીલમ હોટલની બાજુમાં N. H. 08 કડોદરા

Email-raghuvanshi007@yaoo.com

મીનરલ વોટર પ્લાન્ટ

આઈ.એસ.આઈ. એપ્રુવ્ડ SS 316 L Plant અમેરિકન ટેકનોલોજી

ઉજ્જવળ ભવિષ્ય - મહત્તમ વળતર મેળવી આપતો વ્યવસાય

indian ion

99099 11117

D-64, Diamond Park, G.I.D.C. Naroda, Ahmedabad
Tol : (079) 67770222 / 200

INDIAN ION EXCHANGE.COM

ખુશ ખબર ..... ખુશ ખબર ..... ખુશ ખબર .....

પરી

અમારો નવો શો રૂમ હવે અલકાપુરી-જેતલપુર રોડ પર ખુલી ગયો છે.



ડીઝાઇનર ચોઇસ કુર્તીસ | ડીઝાઇનર ચોઇસ સાડી | ડ્રેશ મટીરીયલ્સ | પંજાબી સૂટ | વેસ્ટર્ન આઉટફિટ | ચણીયા ચોલી | બ્રાઇડલ પહેરાવો | વન પીસ ગાઉન

જીએફ, ડોરસ્ટેપ બિલ્ડીંગ, જેતલપુર રોડ, પી.એન. ગાડગીલ ની બાજુમાં, અલકાપુરી, વડોદરા-૦૭

M.: 9377415607,9427841999

અમારી બીજી શાખાઓ | પરી એમ.જી.રોડ | પ્રિતી ક્રીએશન નવા બજાર | પ્રાપ્તિ એમ.જી.રોડ

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો

રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા

- સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
- નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
- દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-યુમથાંગ
- દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
- સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
- આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક

અસારવાવાળા 1950 થી આપની સેવામાં

અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.

સાંઈબાબા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

૨૧૧, લાલભાઈ કોન્ટ્રાક્ટર કોમ્પલેક્ષ, પારસી લાયબ્રેરી સામે, કોર્ટ રોડ, નાનપુરા, સુરત.

O. 2462808 M. 92281 32533

અમદાવાદ M. 9375527704/07 - 9426179642

www.akhilbharat.in

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓકસીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદૃઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

હવે કેવું દર્દ..? બસ લગાવો

Sarina HERBAL PVT. LTD. AN ISO 9001:2015 CERTIFIED COMPANY

આહ-વાહ

પેન રિલીફ બામ આયુર્વેદિક ઔષધિ

જે દર્દને પણ પોતાનો દોસ્ત બનાવી લે.



એક વાર યૂઝ કરીને તો જુઓ

Available on: amazon

- એકદમ નવો
- પૂર્ણતઃ હર્બલ
- જબરદસ્ત એક્શનવાળો
- કોઈ સાઈડ ઈફેક્ટ નહીં

*T&C APPLY.

માથાનો દુખાવો, કમર દર્દ, હાથ કે પગનો દુખાવો, ચોટ-મોચ-સોજો, શરદી-ઉધરસ, સાંધાના દુખાવા પર, પાકેલા ઘાની ચારેબાજુના સોજા, કોઈ જંતુના કરડવાથી ઉત્પન્ન સોજો અનેક દુખાવા પર લગાવતા જ રાહત

Sarina Herbal Pvt Ltd, Rajkot, Ph.: 0281-2578757,
For Trade Inquiry: (AHM) - 92657 61829, 98987 21718 , (SRT) 97252 72144

મઠીવાલા

લિનીમેન્ટ અને પેનબામ

સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક



022-24147642
022-24147643

ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ

Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

Anchor

GERM PROTECTION SOAP



(5x125g) ~~₹125/-~~ ₹90/-

બચાઓ ₹35!

TRI-ACTIVE FORMULA

Be 100% Protected*

*એક્ટિવ્સ વિનાના સોપ બારની તુલનામાં લેબ ટેસ્ટ મુજબ. જર્મ્સને દૂર કરે.

For distributorship enquiry: Rajkot- 9428788822, Kutch- 9327923683, Baroda- 9099056839, Surat- 9427129877, Ahmedabad- 9879785081

DEVYANIRAJE GAEKWAD SCHOOL

Dhairya Prasad Palace Compound, Lalbaug Main Road, Vadodara.

Contact No. : 9601030851

ADMISSIONS OPEN

FOR NURSERY ONLY

From : 3rd December 2018

Children Born Between :- 01-04-2015 and 31-03-2016 are eligible

Forms available From. 08.00 a.m. To 12.00 Noon

75748 88861

Let's have FUN @

Fun Funta Fun

THE AMUSEMENT THEME PARK

★ ★ ★

હજીરા રોડ, સુરત. 99049 80234

ચાલો, તો ત્યાંજ જઈએ

તમારી મનપસંદ હ્યુન્ડાઈ કાર ખરીદવા માટે શોરૂમ પર પધારો



દરેક કાર રેડી ડિલીવરી

નવજીવન હ્યુન્ડાઈ

ઉધના - પુણાકુંભારીયા - અડાજણ

93766 93766